Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER B. NO. 156

श्री

પુ. ૨૦ મું. અંક ૭ મો.

# જૈનધર્મ પ્રકાશ.

આશ્વિન. સં. ૧૯૬૦

शिखरिणीवृत्तम्.

धनं दत्तं वित्तं जिनवचनमभ्यस्तमखिलं ।
क्रियाकांडं चंडं रचितमवनौ सुप्तमसकृत् ॥
तपस्तीव्रं तप्तं चरणमपि चीर्णं चिरतरं ।
नचेच्चित्ते भावस्तुषवपनवत्सर्वमफलम् ॥ १ ॥

प्रगट कर्त्ता.

## श्री जैनधर्म प्रसारक सभा.

ભાવનગર

अनुक्रमणिका


૧ ત્રીજી જૈન કોન્ફરન્સ. ૧૪૫
૨ મુનિ શ્રી વિદ્યાસાગર ન્યાયરત્નનો ચમત્કારી ચિતાર. ૧૫૦
૩ વણિક સુતા લીલાવતીની કથા. ૧૫૩
૪ આત્મકલ્યાણ (?) ઓળખાતા જૈનોની અમલ કરવા યોગ્ય ફરજો. ૧૫૬


અમદાવાદ
"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ" માં
નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપ્યું.
વીર સંવત ૨૪૩૦ શાકે ૧૮૨૬ સને ૧૯૦૪
વાર્ષિક મૂલ્ય રૂ ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


### અમારી તરફથી છપાઇને બહાર પડી છે

## ગુજરાતી પાંચ પ્રતિક્રમણ સૂત્ર.

શીલાછાપમાં મોટા અને લાઇનવાળા અક્ષરોથી પ્રથમ ભીમશી માણેક તરફથી છપાયેલ હતી તેવી અમારા તરફથી હાલમાં ઘણા વધારા સાથે શુદ્ધ કરીને છપાવવામાં આવી છે. પાકા પુંઠાથી સુશોભિત બંધાવી છે. કિંમત ખાસ ઘટાડવામાં આવી છે. જૈનશાળામાં તથા ઇનામને માટે રૂ. ૦-૭-૦ પોતાને માટે ખરીદનારના રૂ. ૦-૮-૦


## જૈનો માટે જાહેર ખબર.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી નીચે જણાવેલા ધંધાઓ અનુકૂળ પડતે સ્થળે શીખવા સારૂ સાથે બતાવેલી સંખ્યાના જૈન શ્વેતાંબર વિદ્યાર્થીઓને સ્કોલરશીપો આપવામાં આવશે, પોતે શીખવા ધારેલા ધંધા માટે જોઇતી લાયકાતનાં સર્ટીફીકેટો બને તો અરજીઓ સાથે નીચેને સરનામે મોકલવાં.

| ધંધો | હાલમાં મંજુર થયેલી સંખ્યા. | માસીક સ્કોલરશ રૂપીયા. |
|---|---|---|
| કમ્પોઝીટર. | ૧૦ | ૫ |
| ફેરોટાઇપ યાને રસાયણી ક્રીયાથી પુસ્તકો છાપવાની રીત. | ૫ | ૫ |
| દરજીઆનું કામ | ૧૫ | ૫ |
| બુકકીપીંગ ઇંગ્રેજી | ૫ | ૮ અને ફી |
| શોર્ટહેન્ડ રીપોર્ટીંગ ઇંગ્રેજી | ૫ | ,, |
| ટાઇપ રાઇટીંગ | ૫ | ,, |
| ઘડીઆળ દુરસ્ત કરવાનું કામ | ૨ | ,, |
| ગીલેટ કરવાનું કામ | ૨ | ,, |
| રબરસ્ટેમ્પ બનાવવાનું કામ | ૨ | ,, |

મોટાં શહેરોમાં જુદા જુદા પદાર્થોની ફેરી કરવાની ઇચ્છા રાખનારે ખાત્રી આપેથી રૂ.૫-૧૦ સુધીનો માલ ધીરાવી આપવાની સવડ કરી આપવામાં આવશે; વધુ ખુલાસા માટે નીચેને સરનામે પત્ર વ્યવહાર કરવો.

સરાફબજાર, મુંબાઇ. } જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश

દોહરો.

મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;

નેહયુક્ત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૦ મું. શાકે ૧૮૨૬ સં. ૧૯૬૦ આશ્વિન અંક ૭ મો.

## त्रीजी जैन कोन्फरन्स.

### (તેમાં ચર્ચવા યોગ્ય વિષયો વિગેરે)

ત્રીજી જૈનકોન્ફરન્સની બેઠક જે વડોદરા ખાતે થવાની છે તેની તરફથી એક સૂચના પત્ર બહાર પાડવામાં આવેલ છે, જેમાં આવતી કોન્ફરન્સમાં શા શા વિષયો ચર્ચવા તે વિષે પૂછવામાં આવેલું છે. તેના ઉત્તરો કેટલાએક ગૃહસ્થો તરફથી છુટક છુટક ગયા હશે, પરંતુ આખા જૈન સમુદાયમાં ચરચાવા યોગ્ય તે પ્રશ્ન હોવાથી અમારા વિચારો અત્ર પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

પહેલી અને બીજી જૈન કોન્ફરન્સમાં જે જે વિષયો ગ્રહણ કરીને ઠરાવ કરવામાં આવ્યા છે તે એવા ચાતુર્યથી કરવામાં આવેલા છે કે તેમાંથી ભૂલ શોધી કાઢવું તે નિષ્ફળ પ્રયાસવાળું છે. પરંતુ તેમાં ચરચેલા વિષયોમાંથી કેટલાકને અગ્રપદ આપીને ખાસ વધારે ચર્ચવા લાયક છે, અને કેટલાક વિષયોનું પૃથક્કરણ કરીને તેના પેટા વિભાગ જુદા પાડી ગૌણમાંથી મુખ્ય કરવા લાયક છેઃ-જેથી ખાસ નીચેની બાબતો અમે વાંચક વર્ગના તેમજ જૈન કોન્ફરન્સના આગેવાનોની દૃષ્ટિ તળે મૂકીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ પ્રથમતો આધુનિક સમયાનુસાર વ્યવહારિક ને ધાર્મિક કેળવણીના વિષયને અગ્રપદ આપવાની જરૂર છે. કારણ કે વ્યવહારિક કેળવણીમાં પછાત રહેવાથી આપણે ઘણી બાબતમાં પાછળ રહ્યા છીએ. કોઇ પણ સારા હોદા ઉપર અથવા ઉમદા ધંધા ઉપર અને ઉંચી લાઇન ઉપર આપણા જૈનોની સંખ્યા બીલકુલ દૃષ્ટિએ પડતી નથી, અથવા બહુજ સ્વલ્પ દૃષ્ટિએ પડે છે. તેથી તે બાબતમાં જેમ બને તેમ આગળ વધવા સારૂ ઉછરતી વયવાળાઓને સહાયક થવાની આવશ્યક્તા છે. તે સાથે ધાર્મિક કેળવણીમાં પણ એટલા બધા પછાત રહ્યા છીએ કે જેથી જ્ઞાન મૂળક શ્રદ્ધાવાળા આપણા વર્ગમાં બહુ ઓછા નજરે પડે છે. કેટલાક મુગ્ધ શ્રદ્ધાવાળા દેખાય છે, પરંતુ તેઓ બુદ્ધિ વિગેરેની મંદતાના કારણથી અથવા વયે વધી જવાથી ધાર્મિક જ્ઞાન મેળવી શકતા નથી, અને જેઓ મેળવી શકે તેવી બુદ્ધિ વિગેરેની સંપત્તિવાળા છે તેઓ તે બાબતમાં તદ્દન ઉપેક્ષાવાન્ છે. તેઓ જેટલો પ્રયાસ વ્યવહારિક કેળવણી લેવામાં કરે છે તેનો સોળમો ભાગ પણ આ બાબતમાં પ્રયાસ કરતા નથી, કરવા ઇચ્છતા પણ નથી, અને તેથીજ તેઓ બહુધા શ્રદ્ધાહીન હોઇને શ્રદ્ધાહીનપણાનાં વાક્યો બોલે છે કે જે મુગ્ધ શ્રદ્ધાવાળાને તેમજ વિદ્વાન્ જૈન મુનિઓ વિગેરેને ખેદ ઉત્પન્ન કરે છે. શ્રદ્ધા ઉત્પન્ન થવાનું તેમજ શ્રદ્ધા સ્થિર રહેવાનું સાધન જ્ઞાનજ છે; પણ તે મેળવવાનું કામ જેટલું સહેલું ધારવામાં આવે છે તેટલું સહેલું નથી. બી. એ. એલ. એલ. બી. ની ડીગ્રી મેળવવા કરતાં જૈન તત્વજ્ઞાનીની ડીગ્રી મેળવવી અત્યંત કઠણ છે. છતાં હાલના ઉછરતા બાળુઓ-ડીગ્રી મેળવેલાઓ માત્ર એકાદ બુક વાંચીને જૈન તત્વજ્ઞાની બનવા માગે છે. તે સાથે "આપણે ન સમજી શકીએ આપણી શ્રાનમાં ન આવે-આપણે બાનજળી ગેરબ્યાજળી કહી ન શકીએ તેવું કાંઇ હોયજ નહીં" એવો પોતાની બુદ્ધિનો ગર્વ ધરાવે છે, પરંતુ બારીસ્ટર થયેલાનું મગજ મેડીકલ લાઇનમાં જેમ બીલકુલ કામ કરી શકતું નથી તેમ ધાર્મિક વિષયમાં પણ પ્રવેશક ગ્રંથોરૂપ દ્વારવડે પ્રવેશ કરી, ક્રમે ક્રમે આગળ વધી તત્વજ્ઞાની બની શકાય છે: તે શિવાય મહા ગંભીર એવી સ્યાદ્વાદ શૈલીનું તેમને ભાન થઇ શકતું નથી. તેને માટે ખાસ પ્રવેશક કેટલાક પ્રકરણો છે, અને ક્રમે ક્રમે જ્ઞાન વધારવા માટે અન્ય પુષ્કળ ગ્રંથો છે: તો તેનું ગુરૂગમદ્વારા જ્ઞાન મેળવી આગળ વધવું જોઇએ. આ બાબત ખાસ આવશ્યકતાવાળી છે, કારણ કે આપણા સમુદાયે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગળ ઉપર જેનાથી કામ લેવાનું છે, જે આપણી કોમના અગ્રણી થવાના છે તે કેમ શ્રદ્ધાવાન્ બને, અને જૈન શૈલીનો ઉચ્છેદ નહીં કરતાં તેના સહાયક કેમ બને તેમ કરવાની જરૂર છે. તેથી જૈન કોન્ફરન્સમાં બંને પ્રકારની કેળવણીની વૃદ્ધિના વિષયને અગ્રપદ આપી એક આખો દિવસ તેને અર્પણ કરવો જોઇએ, પરંતુ તેમાં વકતા જૈન શૈલીના જ્ઞાતા અથવા તેવા જ્ઞાતાના અનુયાયી હોવા જોઇએ કે જેઓ પોતાના ભાષણમાં જૈન માર્ગની વૃદ્ધિ કરનારાજ વાક્યોની શ્રેણી અવિચ્છિન્નપણે પ્રવાહમાં મૂકે.

૨ બીજી બાબત પહેલા વિષયને અનુસરતીજ ગ્રહણ કરવા યોગ્ય છે, એટલે તે **જૈનકેળવણી ખાતું** દાખલ કરવાને લગતી છે. આપણા વર્ગની ધાર્મિક કેળવણી ધોરણસર થવા માટે, અવિચ્છિન્ન વૃદ્ધિ પામ્યા કરે તેમ થવા માટે અને તેમાં ભૂલ ભરેલો વિભાગ દાખલ થવા ન પામે તેને માટે આ ખાતું દેખરેખ રાખી શકે અને દબાણ કરી શકે. તે સાથે વ્યવહારિક કેળવણીમાં આગળ વધેલા તેમજ વધતાનું લીસ્ટ રહી શકે અને તેને માટે યોગ્ય મદદ આપવાનું પણ આ ખાતા તરફથી બની શકે. આ ખાતાની કમીટીમાં આખા હિંદુસ્થાનના ધાર્મિક વિદ્વાનો અને ઇંગ્રેજી કેળવણી લઇને ડીગ્રી મેળવેલાઓ તેમજ અનુભવીઓની તમામ સંખ્યા દાખલ કરવી જોઇએ. તે કમીટીનું મુખ્ય સ્થળ અમદાવાદ કે મુંબઇ રાખી બહુ દીર્ઘ દૃષ્ટિથી સતત્ પ્રયત્નવાન્ બની કામ લેવું જોઇએ. જો એમ બનશે તો આ મંડળ બહુ કામ કરી શકશે. આવા મંડળની આપણા વર્ગ માટે ખાસ આવશ્યકતા છે.

૩ ત્રીજી બાબત પણ કેળવણીનેજ અનુસરતી છે, એટલે કે એક **જૈનગ્રંથ પ્રયોજક મંડળ** સ્થાપવાની આવશ્યકતા છે. હમણા હમણા જૈનગ્રંથો બહાર પડવાનું કામ થોડે ઘણે અંશે શરૂ થયેલું છે. (જેટલે અંશે જોઇએ તેટલે અંશે શરૂ થયેલ નથી) પણ જેટલું કામ ચાલે છે તેટલું બધું એવું ગીન ચાલતું નથી કે જેના ઉપર પૂરતો વિશ્વાસ મૂકી શકાય, એટલે કે થતાં કામો પૈકી કેટલાંક શુદ્ધ થતાં નથી, ભાષાંતરો થાય છે તેમાં કેટલાક તદ્દન અસ્તાવ્યસ્ત થાય છે, નહીં છપાવવા યોગ્ય ગ્રંથો કે સૂત્રો છપાય છે, નહીં કરવા યોગ્ય સૂત્રો કે ન્યાય ગ્રંથાદિના ભાષાંતરો થાય છે, ઇત્યાદિ અનેક બાબતો એવી છે કે તેના પર કોઇ પણ પ્રકારનો અંકુશ નીમૂકાવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવશ્યક્તા છે. તે સાથે એવા બહાર પડેલા ગ્રંથો ઉપર આ મંડળી તરફથી સવિસ્તર અભિપ્રાય બહાર પડવા જોઇએ કે જેથી મદદ આપવાને યોગ્ય અથવા અયોગ્યની જૈનસમુદાયને સમજણ પડી શકે. આ બાબતમાં ચોકસ લાઇન મુકરર કરીને આ કાર્ય કરવાની આવશ્યક્તા છે.

૪ આપણા તીર્થોના તેમજ બીજા દેરાસર વિગેરેના હિશાબો બહાર પાડવા સંબંધી દરખાસ્ત વધારે ચોકસ રૂપમાં પસાર થવાની જરૂર છે. શત્રુંજય જેવા મહાન્ તીર્થનો હિશાબ હાલમાં જ્યારે બહુ સ્વચ્છ રાખવામાં આવે છે અને કમીટીથી રીતસર કામ ચલાવવામાં આવે છે ત્યારે કેટલાક તીર્થોના અને દેરાસરોના હિશાબ અસ્તાવ્યસ્ત રહે છે, એટલુંજ નહીં પણ તેની સીલકના રાખનારાઓ મીલ્કતને દબાવી બેસે છે, અને તે કેટલી છે એટલું પણ બતાવતા નથી, તેમજ તે તીર્થોની કે દેરાસરોની મરામતમાં વાપરતા પણ નથી; તો આ બાબતમાં જરા સખ્તાઇ ભરેલો ઠરાવ પસાર કરી તેની સંભાળ લેવી જોઇએ.

૫ જૈન ડીરેકટરી કરવાની આવશ્યક્તા વિષે ઠરાવ પસાર કરી હજુ સુધી તે બાબતમાં કાંઇ પણ કરવામાં આવ્યું નથી તો ભાવનગરના જૈનોની ડીરેકટરી થઇને તેનો રીપોર્ટ જે હાલમાંજ બહાર પડેલો છે તે ઉપરથી તેવા પ્રકારની અથવા જેમ યોગ્ય લાગે તેવા પ્રકારની ડીરેકટરી આખા હિંદુસ્થાનના જૈનોને માટે થાય અને તે કાર્ય સત્વર અમલમાં મૂકી શકાય તેવી ગોઠવણ સમેત આ ઠરાવ ફરીને પસાર કરવો જોઇએ.

૬ જીર્ણ પુસ્તકોદ્ધારના સંબંધમાં થયેલા ઠરાવનો અમલ જેસલમીર ખાતે થયો છે, તે પ્રમાણે દરેક સ્થાન માટે અમલ થવા માટે તે ઠરાવ ફરીને પસાર કરવો જોઇએ.

૭ જીર્ણ ચૈત્યોદ્ધાર વિષે તો કાંઇ પણ થયેલુંજ દેખાતું નથી, જીર્ણ ચૈત્યોની નોંધ કરવાનો પ્રયત્ન પણ થયેલો જણાતો નથી, તો એ બાબત વધારે તાકીદે થવા માટે ફરીને તે દરખાસ્ત પસાર કરવી જોઇએ.

૮ હાનીકારક રીતરિવાજો બંધ કરવા સંબંધી ઠરાવ ઓછે વત્તે દરજ્જે પણ ઘણી જગ્યાએ અમલમાં મૂકાયો છે, પરંતુ ઘણા ગામોને શેહેરો તે બાબતમા હજુ નિદ્રાવશ છે, તો તેની ઉંઘ ઉડાડવા માટે દરેક બાબતના વિશેષ સ્પષ્ટીકરણ સાથે આ ઠરાવ ફરીને પસાર કરવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯ નિરાશ્રિતને આશ્રય આપવાના પેટામાં નિરાશ્રિત વિધવાઓ માટે ઉદ્યોગની લાઇન કોઇક એવી અમલમાં મૂકવી જોઇએ કે જેથી તેઓ સુખે આજીવિકા ચલાવી શકે, ધાર્મિક વૃત્તિ ધરાવી શકે, અને અવળે માર્ગે ન દોરાય કે જેથી હાલના કહેવાતા સુધારાવાળાઓનું એ સંબંધમાં કહેવું ફાવી શકે નહીં.

૧૦ ડેલીગેટોની એકંદર સંખ્યાનો તેમજ શેહેર ગામ કે જાહેર મંડળ પ્રત્યે પૃથક્ પૃથક્ સંખ્યાનો નિર્ણય થવો જોઇએ કે જેથી આપણું કામ દર વર્ષે નભ્યા કરે એમ કેટલાકો કહે છે તો ગામોને માટે ઘરોની સંખ્યા ઉપર અને જાહેર મંડળોને માટે મેમ્બરોની સંખ્યા ઉપર નિયમ બાંધવામાં આવે તો તેમ થઇ શકવા સંભવ છે. સાથે અમુક ફી પણ ઠરાવવી જોઇએ જેથી દરેક શેહેરવાળા આમંત્રણ કરવાની હિંમત કરી શકે એમ પણ કેટલાકો કહે છે તો તે બંને બાબતમાં વિચાર કરવો.

૧૧ શિવાય બાકીના તમામ પાછલા ઠરાવો ફરીને પસાર કરવા તેમજ આવતા વર્ષે ક્યાં કોન્ફરન્સ ભરવી તેનો નિર્ણય કરવો.

ઉપર પ્રમાણેની બાબતો જે વિચારમાં આવી તે જણાવી છે. આ ઉપર વિદ્વાન્ તેમજ બુદ્ધિમાન્ ગૃહસ્થોએ પોતાના વિચારની શ્રેણી ચલાવવા યોગ્ય છે. અત્ર બહુ વિસ્તાર કરવાની હાલ અગત્ય નથી.

**નામદાર ગાયકવાડ સરકારે** કોન્ફરન્સના મેળાવડામાં જાતે હાજર થવાનું આમંત્રણ સ્વીકારી જૈન વર્ગને આભારી કરેલ છે. અને એ પ્રમાણે થવાથી આ મેળાવડો બહુ દીપી નીકળવા સંભવ છે. વડોદરાના જૈન બંધુઓ પોતાની ફરજ અદા કરવામાં પૂરેપૂરા તત્પર થયેલા જણાય છે, તેમજ બહાર ગામથી પણ ડેલીગેટોની સંખ્યા સારી થવાના અવાજ આવે છે, કારણ કે મુંબઇની કોન્ફરન્સમાં નહીં આવેલાઓને પસ્તાવો થયેલો છે. આવો શ્રી સંઘનો મેળાવડો ક્યાંથી થાય ? અને તેની ભક્તિનો કે દર્શન માત્રનો પણ લાભ ક્યાંથી મળી શકે ? આ વાત બહુ મુશ્કેલ છે; માટે વગર પ્રયાસે, સ્વલ્પ ખર્ચે અને સહેજે એવો લાભ મળે તેમ હોવાથી તેનો લાભ લેવા માટે સૌ કોઇ તત્પર થાય એમાં કાંઇ આશ્ચર્ય નથી.

વડોદરાની કોન્ફરન્સ ફત્તેહમંદ થાય અને તેના કાર્યકર્તાઓનો પ્રયાસ ફળીભૂત થાય એમ અમે અંતઃકરણથી ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मुनि श्री विद्यासागर न्यायरत्ननो चमत्कारी चितार.

આ દુનિયામાં કોઇ પરોપકારમાં તો કોઇ પાખંડમાં, કોઇ સદ્‌વિદ્યામા તો કોઇ મિથ્યા આડંબરમાં, કોઇ ક્રિયા પાળવામાં તો કોઇ ક્રિયાનું ખંડન કરવામાં, કોઇ દેવગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તવામાં તો કોઇ સ્વચ્છંદપણે વિચરવામાં મગ્ન માને છે, તેમાં માણસ જાતનો દોષ ન કાઢતાં સમજુ પુરૂષો તેના કર્મનોજ દોષ ગણે છે. આપણા **વિદ્યાસાગર** આ ઉપર કહેલી બાબતોના એક નમુનારૂપ છે. પોતે જો ખરેખરા વિદ્યાસાગરજ છે તો તેમને આવું **વિદ્યાસાગર ન્યાયરત્નનું** બોર્ડ સાથે લઇ ફરવાની શી જરૂર છે? પણ શું કરીએ! આડંબર સહુને વહાલો છે. અહંકારરૂપી અજગરોના સપાટામાં આવા વિદ્યાસાગર જેવા પણ સપડાઇ જાય છે તો આપણા જેવા પામર પુરૂષોનું શું ગજું? હવે કોઇને શંકા ઉત્પન્ન થશે કે આ લેખકને વિદ્યાસાગરમાં મિથ્યા અહંકાર છે તેની શી ખાતરી? તો મારે કહેવું પડશે કે જો તેઓ સાહેબ ખરેખર વિદ્યાના સાગરજ હોય તો તેમની વિદ્યા આટલી બહાર છલકાઇ જાયજ નહિ. આપણામાં એવી સાદી કહેવત છે કે 'અધુરો ઘડો વધારે છલકાય'. જેનામાં જ્ઞાનની ન્યૂનતા હશે તેજ એમ કહેવા નીકળશે કે 'મારૂં કહેવું બધું સત્ય છે, હુંજ વિદ્વાન છું, અને મારી આગળ સઘળા પાણી ભરે છે.' પણ તેઓ સાહેબજ ઠેકાણે ઠેકાણે લખતા આવ્યા છે કે **बहुरत्ना वसुंधरा** તે પ્રમાણે તેઓ સાહેબ કરતાં પણ બીજા પંડિત પુરૂષો આ દુનિયામાં મોજૂદ છે પણ તેઓ બિચારા મિથ્યા આડંબર ધારણ કરી લોકોમાં પ્રતિષ્ઠા પામવા માગતા નથી, ઇંદ્રિયોને મોકળી મૂકી તેઓને યથેચ્છપણે પ્રવર્તાવતા નથી, તેઓ તો આત્મસાધનમાં તત્પર રહી પાદચારે પણે વિહાર કરી અમુક સ્થળે અમુક વખત રહી પરોપકારબુદ્ધિથી ધર્મોપદેશ યથાશક્તિ શાંતિથી કર્યા જાય છે. આપણા વિદ્યાસાગરજીએ ઘાટઘાટનાં પાણી પીધેલાં હોવાથી અને દેશદેશનો અનુભવ મેળવેલો હોવાથી, તેઓશ્રીમાં નિપુણતા અને યુક્તિબાજપણું વિશેષ હોય તે સહજ સમજાય તેવું છે. પરંતુ ધર્મનું ઉલ્લંઘન કરીને મેળવેલી સઘળી લબ્ધિઓ વૃથા છે એવું સર્વ મનસ્વી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસો એકે અવાજે કબુલ કરશે. મુનિ શ્રી કહેશે કે **'हम धर्मका उल्लंघन कब करते है?'** તો તેના જવાબમાં એટલુંજ કે રેલપર સ્વારી કરવી તે શું જૈનમુનિનો ધર્મ છે? પાસે પરિગ્રહ રાખી ભોળા લોકોમાં વાહવાહ કહેવડાવવી તે શું અકિંચન યતિધર્મને છાજે છે? એક ત્યાગી પેટને માટે રસોઇ કરાવી જમવું અને બીજા સમારંભ કરવા તે 'અહિંસા પરમોધર્મ: એ સૂત્રને એબ લગાડનારૂં નથી? રેલની મુસાફરી વખતે ઉષ્ણ પાણીનો યોગ ન મળે તો જેવા તેવા પાણીથી પણ ચલાવી લેવું તે શ્રી મહાવીરની આજ્ઞાનો ભંગ કરવાનો પોતાનો ધર્મ સમજે છે? સ્ત્રીઓનો સ્ટેશનની ગીર્દીમાં સંઘટ્ટ થાય અથવા તેણીઓના સ્વરૂપનિરીક્ષણ માત્રથી સાધુ પુરૂષના બ્રહ્મચર્યને દૂષણ લાગે તેની પણ ઉપેક્ષા કરી ઉચ્છૃંખલપણે વર્તવું તેને શું તેઓશ્રી પોતાનો ધર્મ માને છે? ટીકીટને માટે કોઇ ગૃહસ્થ પાસે ભિક્ષા માગવી તે શું તનમાત્ર વસ્ત્ર અને ક્ષુધામાત્ર અન્ન લેવાના સાધુના ધર્મને કલંકિત કરનારૂં નથી? તેવી ભિક્ષાનો રોધ કરવાથી તેઓશ્રીને શું મોટું વિઘ્ન આવી પડવાનું હતું? પગ રસ્તે વિહાર કરવાથી શું તેઓશ્રીનો ધર્મ પ્રચાર કરવાનો હેતુ પાર પડી નહીં શકત? હું તો ધારૂં છું કે વિશેષે પાર પડી શકત; કારણ કે ઉપદેશ કરતાં સદ્વર્તનની છાપ લોકોપર વધારે પડે છે. Example is better than precept. કદાચ ન્યાયરત્નજી પોતાના બચાવની ખાતર કહેશે કે **हम गीतार्थ मुनि होनेसे हमको सर्व प्रकारकी छूट है** તો તેઓશ્રી મુસલમાની રાજ્યમાં કે જ્યાં શ્રાવકની વસ્તી થોડી હોય એવા શહેરમાં કેમ છુપાતા ફરે છે? વળી તેઓની જન્મભૂમિનો પ્રદેશ કે જ્યાં જૈનધર્મનો પ્રચાર વિશેષે થઇ શકે તેમ છે ત્યાં રેલરસ્તે કેમ પધારતા નથી? શું ઉક્ત મુનિશ્રીને અત્રે આવતાં કાંઇ લજ્જા આવે છે? કે આ દેશ તરફ તેમને કાંઇ દ્વેષ છે? સાચું કહેવાનો વખત નથી માટે મુનિશ્રીને આવા કથનથી ખેદ ન થતાં કાંઇ પણ ફાયદો થાય એવો મારો ઇરાદો છે. હું આપણા પ્રસ્તુત મુનિશ્રીને ઉપદેશ દેવા યોગ્ય નથી પણ વિનંતીરૂપે લખું છું, મહારાજશ્રી મારા કરતાં તો સંકડો દરજ્જે વધારે સમજી શકે તેવા છે.

પરંતુ મને આ લખવાનો પ્રસંગ શાથી બન્યો કે મુનિશ્રીએ **જૈન** પેપરના અઢારમા અંકમાં મારા સત્તર સવાલ સંબંધી એવું છપાવ્યું છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમણે કોઇ પણ સવાલના જવાબમાં ભૂલજ કરી નહોતી અને જવાબ પૂર્ણ હતાં પણ શું મુનિશ્રીને માલૂમ નથી કે ફક્ત સવાલો પૈકી આઠ સવાલોના જવાબ સંબંધી ટીકા કરીને તેઓશ્રીની ભૂલ પત્રદ્વારા મેં પ્રત્યક્ષ બતાવી આપી હતી? તો તે પત્રનો સંતોષકારક ખુલાસો પત્રદ્વારા કરવો તો દૂર રહ્યો પણ ઉપરાંત એવું લખી માર્યું કે "રાયચંદ કસળચંદ તો હમેશા જવાબસેં બહોત ખુશ હોગયા હૈ, ઔર હમકુ ચીઠીમેં બહોત ધન્યવાદ દેતે રહેતે હૈ." પણ મુનિશ્રીએ ચીઠીની નકલ છપાવી હતી તો આખે આખી છપાવવી હતી. તેમ ન કરતાં લોકોને ફોગટ કપટક્રિયાથી છેતરી પોતાની ચાતુરી બતાવવામાં શું તેઓ બહાદુરી માને છે? તેઓશ્રીને હું પુછું છું કે શું આપે સવાલના જવાબમાં એકે ભૂલજ નહોતી કરી? જો એમ હશે તો હું હજુ પણ ભૂલો બતાવી આપીશ. અલબત, મેં પત્રના પ્રથમ ભાગમાં મુનિશ્રીને પ્રિય છે એમ ધારીને પ્રશંસાના બેચાર વાક્યો લખ્યા હતા, પરંતુ તેમાં પણ કેટલીક (Ironical speech) માર્મિક ભાષા હતી તે મુનિશ્રીએ જાણતાં છતાં આત્મશ્લાઘાની ખાતર તેમાંથી પણ બેચાર શબ્દોનો ફેરફાર કરી નાંખી વાક્યનો ભાવાર્થજ બદલી નાંખ્યો. મને સાંભરે છે કે મેં તે ચીઠીમાં એવી ઉપમા લખી હતી કે 'આપ દેવતાના ગુરૂ બૃહસ્પતિને પણ વાદવિવાદમાં પરાજય પમાડો તેવા છો' તે ઉપમા શું યોગ્ય હતી? જો યોગ્ય હતી તો તેને તેજ શબ્દોમાં ચીઠીની નકલ છપાવવી હતી, પણ જ્યાં સુધી હૃદયમાં કપટરૂપી કાળો નાગ ફરતો હોય ત્યાં સુધી નિષ્પક્ષપાતપણે લખાણ કરવું કઇ રીતે સુઝે? આ વખતે મેં આટલુંબધું લખ્યું છે તેથી મને તો લાગે છે કે મુનિશ્રી મારાપર તુટી પડશે પણ ખચ્ચીત માનજો કે તેથી કાંઇ મારી હલકાઇ થઇ જવાની નથી. મને તો જે જે મારી બુદ્ધિ પ્રમાણે સાચું લાગ્યું તે લખ્યું છે પછી વાચકવૃંદને જે રૂચે તે ખરૂં. મેં તો મુનિશ્રીના હિતની ખાતર અને લોકોનો ભ્રમ મટાડવાની ખાતરજ લખ્યું છે. છેવટે મુનિશ્રી પોતાની ઉતરતી અવસ્થામાં પોતાના શુદ્ધ જ્ઞાનનો ઉપયોગ કરી **આત્મારામજી મહામુનિરાજ**ની પેઠે જૈનધર્મને દીપાવી તથા લોક હિતકર પુસ્તકો છપાવી જનસમાજનું કલ્યાણ કરો અને ઉત્તમ ગતિ મેળવવા આત્મસાધન કરો એવું ઇચ્છી આ લેખ પૂર્ણ કરૂં છું.

**હિતૈષી શા. રાયચંદ કસળચંદ.**

**અમદાવાદ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ લેખકને આ લેખ 'જૈન' પત્ર તરફ મોકલવાનું લખ્યા છતાં 'તેમણે આ લેખ લીધો નથી' એવું લખાણ આવતાં માત્ર ન્યાય આપવાની ખાતર અમે જૈનોને તેવો પ્રગટ કર્યો છે, આ સંબંધમાં અમારે અભિપ્રાય આપવાનું કારણ નથી. તંત્રી.

## પુષ્પપૂજા વિષે.

# वणिक्सुता लीलावतीनी कथा.

જે પ્રાણી ઉત્તમ પુષ્પવડે શ્રી જિનેશ્વરની ત્રિકાળ પૂજા કરે છે તે પ્રાણી દેવતાનું સુખ પ્રાપ્ત કરી અનુક્રમે શાશ્વત સુખ ( મોક્ષ સુખ ) ને પ્રાપ્ત કરે છે. શ્રી વીતરાગ પ્રભુની ઉત્તમ કુસુમવડે પૂજા કરીને જેમ એક વણિકપુત્રી દેવ સંબંધી ઉત્તમ સુખ અને શાશ્વત સુખ પામેલી છે તેવી રીતે અન્ય પ્રાણીઓ પણ દેવસુખ અને શાશ્વત સુખને પામે છે.

## વણિકપુત્રીની કથા.

આ ભરતક્ષેત્રમાં **ઉત્તરમથુરા** નામે એક પ્રસિદ્ધ **નગરી છે.** તે નગરીનો **સુરદેવ** નામે પ્રખ્યાત રાજા હતો. તે પુરીમાં **ધનપતિ** નામે દ્રવ્યવાન્ શ્રેષ્ઠી રહેતો હતો. તેને **શ્રીમાળા** નામે સ્ત્રી હતી. તેમને **લીલાવતી** નામે પુત્રી થઇ હતી. તેનાથી કનિષ્ઠ **ગુણધર** નામે તેણીને એક પ્રીતિવાળો ભાઇ હતો. તે બંને સહોદર ધનપતિ શ્રેષ્ઠીના ઘરનાં આભૂષણ રૂપ હતાં. એક વખતે ઉદ્યાનમાં ગયેલી લીલાવતીને જોઇ કામદેવથી વિંધાયેલા **દક્ષિણ મથુરાના** કોઇ શ્રેષ્ઠીના પુત્ર **વિનયદત્તે** તેણીનું પાણિગ્રહણ કર્યું.

અન્યદા લીલાવતી પોતાની ધાવ્ય માતા તથા દાસીની સાથે પોતાને સાસરે જવા ચાલી; અને પતિના પરિજને યુક્ત પતિને ઘેર પહોંચી. સાસરાને ઘેર રહેતાં એકદા તેણે માલતીના પુષ્પની સુંદર માળાવડે પોતાની શોકે પૂજિત એવું એક જિનબિંબ દીઠું. તે જોઇ અત્યંત મત્સરથી અને અનાદિ મિથ્યાત્વવડે મોહ પામેલા મનથી કોપાયમાન થયેલી લીલાવતીએ પોતાની દાસીને કહ્યું—'આ માળાને લઇને તું બહાર વાડીમાં ફેંકી દે, કેમકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને જોતાં મારાં નેત્ર દગ્ધ થાય છે.' લીલાવતીનો હુકમ થવાથી જેવી દાસી તે જિનબિંબ પાસે ગઇ, તેવી તેણે તે માળા સર્પ રૂપે દીઠી, એટલે દાસી તે માળા લઇ શકી નહિ. માળા લેવાને માટે લીલાવતીએ વારંવાર કહ્યા છતાં દાસીએ જ્યારે માળા લીધી નહિ ત્યારે લીલાવતી પોતે માળા હાથમાં લઇને ફેંકી દેવા બહાર નીકળી, પણ દેવતાના પ્રભાવથી તે માળા તેના હાથથી છુટીજ પડી નહિ-સર્પ રૂપે તેને હાથેજ વળગી રહી; એટલે તેણી ઉંચે શબ્દે વિલાપ કરવા લાગી. તેને વિલાપ કરતી સાંભળીને નગરલોક ત્યાં આવી પહોંચ્યા. નગરજનો તે હકીકત જાણીને તેની નિંદા કરવા લાગ્યા; તે સાંભળીને તે વિલખી થઇ રતી ઉભી રહી. તેવામાં બિલકુલ મત્સર ભાવથી રહિત અને સમકિતમાં નિશ્ચળ બુદ્ધિવાળી **જિનમતી** નામે ઉત્તમ શ્રાવિકા જે તેની શોક હતી તે ત્યાં આવી. લીલાવતીને રોતી જોઇને કરૂણા વડે નવકાર મંત્રનું સ્મરણ કરી જિનમતીએ તે માળા તેણીના હાથમાંથી લઇ લીધી. જિનમતીના હાથમાં રહેલી તે માળા શ્રી જૈનધર્મના પ્રભાવથી અધિક સુગંધવાળી થઇ ગઇ. તત્કાળ નગરીના લોકોએ તેને ઘણી સાબાશી આપી, અને નિર્મળ શીલ ગુણવાળી તે જિનમતી દેવતાને પણ વલ્લભ થઇ.

આ અરસામાં કોઇ બે મુનિ ઘરે ઘરે ફરતાં લીલાવતીના ઘરના દ્વાર પાસે આવી ચડ્યા. પોતાના દ્વાર પાસે ઉભા રહેલા તે મુનિઓને જોઇને તત્કાળ ઉભા થઇ લીલાવતીએ પરિવાર સહિત પરમ વિનય પૂર્વક તેમને વંદના કરી. બે મુનિમાંથી જ્યેષ્ઠ મુનિ ધર્મલાભ આપીને બોલ્યા-"હેલીલાવતી! તારા હિતને કરનારૂં મારૂં વચન તું સાંભળ: જે પ્રાણી શ્રી જિનેશ્વર ભગવંતની ઉત્તમ પુષ્પવડે ત્રિકાળ પૂજા કરે તે દેવતાના સુખ ભોગવી અનુક્રમે શાશ્વત સુખ (મોક્ષ) ને પ્રાપ્ત કરે છે. જો માત્ર એક પુષ્પથી પણ શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિ પૂર્વક પૂજા કરે તો તે જીવ દેવ અને અસુરોની ઉત્તમ સમૃદ્ધિને પામે છે. અને જે પ્રાણી મત્સર ભાવથી બીજાએ કરેલી જિનપૂજાને દૂર કરે છે, તે પ્રાણી આગામી કાળે દુઃખથી પરિતાપ પામતો સતો હજારો ભવ કરવારૂપ આ સંસારચક્રમાં પરિભ્રમણ કરે છે; તેમજ આ ભવમાં પણ જિનપૂજામાં વિઘ્ન કરવાના કારણથી દારિદ્રના દુઃખથી સંતપ્ત રહ્યા કરે છે, અને સુખ સૌભાગ્યથી રહિત થાય છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે તે મુનિરાજનાં વચન સાંભળી પવનથી હણાયેલા વૃક્ષના પત્રની જેમ કંપતી તે લીલાવતી બોલી-'હે ભગવન્! જો એમ છે તો મેં પાપિણીએજ એવું પાપ કરેલું છે.' એમ કહીને માળા સંબંધી બધો વૃત્તાંત તેમને કહી સંભળાવ્યો. પછી પૂછ્યું-'હે ભગવન્! આ પાપથી મારી પાપિણીની શુદ્ધિ કેવી રીતે થાય તે કહો.' મુનિએ કહ્યું-'ભાવ શુદ્ધિ પૂર્વક જિનપૂજા કરવાથી એ પાપની શુદ્ધિ થશે.' તે સાંભળી ઉભી થઈ નમન કરીને તે બોલી-'આજથી જાવજ્જીવ સુધી અવશ્ય શ્રી જિનેશ્વરની પૂજા મારે ચિરકાળ કરવી.' પછી પશ્ચાત્તાપથી પરિતાપ પામતા શરીરવાળી તેણી શુદ્ધ ભાવથી વારંવાર ચરણે વળગી વળગીને જિનમતીને ખમાવવા લાગી.

આ પ્રમાણે મુનિનાં વચનથી લીલાવતી પરિજન સાથે પ્રતિબોધ પામી, અને નિર્મળ સમકિતને પ્રાપ્ત કરી પરમ શ્રાવિકા થઈ. કહ્યું છે કે "જ્યાં સુધી દ્રવ્યનો નાશ ન થાય, જ્યાં સુધી જીવને બાંધવનો વિયોગ ન થાય, અને જ્યાં સુધી દુઃખ પામે નહિ ત્યાં સુધી પ્રાણી ધર્મને વિષે ઉદ્યોગ કરતો નથી." આ પ્રમાણે તેને પ્રતિબોધ પમાડીને જેમની સન્માનાદિકથી પૂજા કરેલી છે એવા તે મુનિઓ લોકોથી પણ પ્રશંસા પ્રાપ્ત કરીને તેના ઘરમાંથી નીકળ્યા.

લીલાવતી પ્રતિદિન પરમ ભક્તિથી ઉત્તમ પુષ્પવડે શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કરવા લાગી. અન્યદા ઘણા દિવસ થયા પોતાના માતપિતાને જોયેલ ન હોવાથી આજ્ઞા લઈને તે ઉત્તરમથુરામાં આવી. ઉત્તમ દશાવાળા પુરૂષના ઘરમાં લક્ષ્મીની જેમ લીલાવતીના પિતૃગૃહે આવવાથી તેના માતા પિતા અને બાંધવજનને ઘણો સંતોષ થયો. તેને દરરોજ જિનપૂજા કરતી જોઈને એકદા તેના ભાઈએ પૂછ્યું-' હે બેન ! આ જિનપૂજાનું ફળ મને કહો. ' તે બોલી-"હે ભાઈ ! જિનવર પૂજાથી જીવ દેવ અને ચક્રવર્તીની ઋદ્ધિ પામીને અનુક્રમે સિદ્ધિ સુખની સમૃદ્ધિને પામે છે. વળી જે ત્રિકાળ ભક્તિથી જિનપૂજા કરે તેને આ લોકમાં પણ શત્રુ કે દુષ્ટ પુરૂષોએ ઉત્પન્ન કરેલા ઉપસર્ગો થતા નથી." બંધુ બોલ્યો-" જો એમ હોય તો મારે પણ આજથી જાવજ્જીવ સુધી એવો નિયમ છે કે હમેશાં ત્રિકાળ જિન પૂજા કરવી. " બેન બોલી-" હે ભાઈ ! તને ધન્ય છે કે જેની આવી બુદ્ધિ થઈ; કેમકે મંદ પુણ્યવાળા પ્રાણીને જિનપૂજા કરવાની બુદ્ધિ થતી નથી. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે તે બંને ભાઇ બેન સર્વદા પોતાના નિયમમાં અખંડિતપણે વર્તતા સતા શ્રી જિનેંદ્રના ચરણની પૂજા કરવામાં તત્પર રહીને દિવસો વ્યતિક્રમાવવા લાગ્યા. મૃત્યુ કાળે પણ તેમનું ધ્યાન શ્રી જિનેશ્વરના ચરણની પૂજામાં તત્પર રહેવાથી તેઓ બંને મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં દેવતા થયા. ત્યાં તે બંને પૂર્વે કરેલી શ્રી જિનેશ્વર પૂજા સંબંધી ધર્મના પ્રભાવથી હૃદયને ઇચ્છિત સુખભોગ ભોગવવા લાગ્યા.

હવે **પદ્મપુર** નામના નગરમાં પદ્મરથ નામે રાજા હતો. તે રાજાને **પદ્મા** નામે પ્રાણપ્રિય રાણી હતી. પહેલા દેવલોકમાંથી ગુણધરનો જીવ પ્રથમ ચવીને તે **પદ્મરથ** રાજાનો પદ્મા રાણીના ગર્ભથી ઉત્પન્ન થયેલો **જય** નામે પુત્ર થયો. તે કુમાર અનેક શાસ્ત્ર ને કળા ગ્રહણ કરવાથી કુશળ અને યૌવનવય તેમજ લાવણ્ય યુક્ત કાંતિથી પરિપૂર્ણ થવાથી જાણે પ્રત્યક્ષ દેવકુમાર હોય તેવો દેખાવા લાગ્યો.

**સુરપુર** નામના નગરમાં **સુરવિક્રમ** નામે રાજા હતો. તેને શ્રીદેવી જેવી વલ્લભ **શ્રીમાલા** નામે પ્રિયા હતી. લીલાવતીનો જીવ દેવલોકમાંથી ચવીને તે શ્રીમાલાના ગર્ભમાં આવી સુરવિક્રમ રાજાની **વિનયશ્રી** નામે પુત્રી થઇ. તે પોતાના સૌભાગ્ય ગુણથી શિવ અને વિષ્ણુની સ્ત્રી[1]ની જેમ નિઃસંગ એવા મુનિઓના હૃદયને પણ હરતી હતી, તો બીજાના હૃદયને હરે તેમાં તો શું આશ્ચર્ય ! એક દિવસે તેની માતાએ પોતાની પુત્રીને પાણિગ્રહણને યોગ્ય થયેલી જાણીને રાજાને નમવા માટે મોકલી. રાજસભામાં બેઠેલા રાજાના ચરણકમળમાં નમસ્કાર કરીને તે તેમના ખોળામાં બેઠી. પિતાએ પણ તેના મસ્તકપર ચુંબન કર્યું. તે કુમારીને વરયોગ્ય થયેલી જોઇ રાજા ચિંતારૂપ સાગરમાં ડુબી ગયો, અને વિચારવા લાગ્યો કે ' આ પુત્રી કોને આપવી ? તેને યોગ્ય કોઇ વર જોવામાં આવતો નથી.' પછી રાજાએ કુંવરીને કહ્યું-' અહીં બેઠેલા બધા રાજપુત્રો ઉપર દૃષ્ટિ નાંખ, તેમાંથી જે તારા મનને ઇષ્ટ હોય તે બતાવ કે જેથી તેને હું તારે માટે પસંદ કરૂં.' કુંવરીએ તેમની ઉપર દૃષ્ટિ નાખીને સત્વર પાછી ખેંચી લીધી. કારણ કે જે નયનનેજ ન રૂચે તે શું હૃદયને ગમે ? પછી તેઓની ઉપર તેણીનું ચિત્ત વિરક્ત જાણીને રાજાએ બીજા ઘણા રાજાઓનાં રૂપ ચિત્રી મંગાવીને તેને દેખાડ્યાં. તે જોતાં પણ રાજકન્યાની દૃષ્ટિ કોઇનાપર આનંદ પામી નહિ.

૧ પાર્વતી અને લક્ષ્મી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ કે 'કર્મવશે અન્ય કોઇની ઉપર દૃષ્ટિ સ્થિરતા કરતીજ નથી, પૂર્વ સંયોગવાળા ઉપરજ દૃષ્ટિ કરે છે.' આ પ્રમાણેની હકીકતથી હૃદયમાં દુઃખ પામેલા રાજાએ પોતાની રાણી સાથે ચિંતવ્યું કે 'શું આ પુત્રીને પસંદ આવે તેવો કોઇ રાજપુત્ર આ જગતમાં વિધિએ બનાવ્યોજ નથી!'

અન્યદા જયકુમારનું રૂપ પટ ઉપર આળેખી મંગાવીને તેને બતાવવા મોકલ્યું, તે જોઇને હર્ષથી તેને રોમાંચ ખડા થયા, અને સ્નિગ્ધ દૃષ્ટિએ તે રૂપ જોવા લાગી. તે વાત જાણીને રાજાએ કહ્યું 'આ જયકુમાર ઉપર વિનયશ્રી અનુરાગવાળી થઇ તે ઘટે છે. કારણ કે હંસલી હંસનેજ પસંદ કરે, કાગને પસંદ કરે નહિ.' પછી રાજાએ કન્યાદાન નિમિત્તે પોતાના મંત્રીને બોલાવીને પદ્મપુરે પદ્મરાજાની પાસે મોકલ્યો. તે મંત્રીએ પદ્મપુરમાં જઇ પદ્મરથરાજાને નમીને કહ્યું-'હું સુરપુરનગરથી તમારી પાસે આવ્યો છું; અમારા રાજા સુરવિક્રમે કહેવરાવ્યું છે કે મારે વિનયશ્રી નામે એક સુંદર પુત્રી છે, તે તમારા પુત્ર જયકુમારને મેં આપી છે.' મંત્રીનાં આવાં વચનથી તે રાજાની પુત્રીનો તેણે સ્વીકાર કર્યો. કારણ કે ઘેર આવતી લક્ષ્મીને કોણ ન ઇચ્છે? રાજાએ જયકુમારને તે કન્યાના લાભના ખબર આપ્યા. તે જાણી નિર્ધન જેમ સમૃદ્ધિના લાભથી ખુશી થાય તેમ જયકુમાર પણ ખુશી થયો. પછી પદ્મરથ રાજાએ યોગ્ય સન્માન કરી તે મંત્રીને વિદાય કર્યો. તે પણ વિવાહનો દિવસ નક્કી કરીને પોતાને નગરે આવ્યો.

પિતાના આદેશથી શુભ દિવસે જયકુમાર પરિજન સમેત પદ્મપુરથી ચાલ્યો, અને અનુક્રમે સુરપુરનગરે પહોંચ્યો. રાજા સુરવિક્રમે મોટા ગૌરવથી સન્માન કરી મોટા વૈભવ સહિત કુમારનો નગરપ્રવેશ કરાવ્યો. પછી પાણિગ્રહણનું મુહૂર્ત પ્રાપ્ત થયે સતે કુમારે ઘણા મંગળીકના શબ્દો થતાં રાજકુમારીની સાથે પાણિગ્રહણ કર્યું. કેટલાક દિવસ મોટા હર્ષથી સાસરાને ઘેર રહી પ્રાંતે રજા લઇને ઘણા સન્માન સાથે તે કુમાર પોતાના નગર તરફ જવા ચાલ્યો.

જયકુમાર વિનયશ્રી સહિત અરણ્યની મધ્યમાં થઇને જતો હતો તેવામાં દેવતાઓએ પૂજેલા અને સાધુઓના પરિવારવાળા કોઇ આચાર્ય તેના જોવામાં આવ્યા. તે આચાર્ય મહારાજે નિર્મળ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં; તેમના દાંતની કાંતિ નિર્મળ અને શ્વેત હતી; નિર્મળ એવા ચાર જ્ઞાને યુક્ત હતા;

For Private And Personal Use Only

અને નામે પણ **નિર્મળાચાર્ય** હતા. તેમને જોઇને વિનયશ્રીએ કહ્યું-' હે સ્વામી! આ કોઇ મુનિશ્વર દેખાય છે, તેથી આપણે ત્યાં જઇ પરમ ભક્તિથી વંદન કરીએ.' તે સાંભળી કુમાર પોતાના પરિવાર સાથે તરતજ ત્યાં ગયો, અને પરમ વિનયપૂર્વક તેણે તે મુનિને વંદના કરી. મુનિએ સંસારરૂપ દુસ્તર સાગરને ઉતારનાર ' ધર્મલાભ ' આપીને કુમારને કહ્યું-'હે જયકુમાર! તમને સ્વાગત છે.' ત્યારપછી વિનયશ્રીને પણ નામ દઇને કહ્યું-'ભદ્રે! તને ધર્મસંપત્તિ પ્રાપ્ત થાઓ.' આ પ્રમાણે મુનિના કહેવાથી વિનયશ્રીએ પુનઃ મુનિના ચરણકમળમાં પ્રણામ કર્યા.

પછી તે બંને સ્ત્રીપુરૂષ હૃદયમાં ચિંતવવા લાગ્યા કે—આ ભગવંત અમારા નામ ક્યાંથી જાણે? અથવા તેમાં કાંઇ આશ્ચર્ય નથી; કારણ કે 'મુનિઓ જ્ઞાનધારી હોય છે.' પછી તે મુનિરાજનાં વચનથી જિનધર્મ સાંભળી જયકુમારે નમસ્કાર કરી પોતાનો પૂર્વભવ પૂછ્યો કે "હે ભગવન્! મેં પૂર્વ ભવે શું ઘણું નિર્મળ પુણ્ય કર્યું હતું કે જેથી આ ભવમાં મને હૃદયને ઇચ્છિત રાજ્ય અને આ સ્ત્રી પ્રાપ્ત થયાં?" મુનિ બોલ્યા-"તું પૂર્વભવે એક વણિકનો પુત્ર હતો; તારે લીલાવતી નામે એક જ્યેષ્ઠ ભગિની હતી; તે તને બહુ વહાલી હતી, તે ત્રિકાળ જિનપૂજા કરતી હતી. તેને પૂજા કરતી જોઇને તને પણ જિનપૂજામાં શ્રદ્ધા થઇ, અને તેથી તું પણ તેમાં પ્રવર્ત્યો. તે શ્રી જિનપૂજાના પુણ્યથી દેવલોકનાં સુખ ભોગવી ત્યાંથી ચવીને આ ભવમાં તેં આવું રાજ્ય પ્રાપ્ત કર્યું. હજુ પણ કેટલાક જન્માંતરમાં દેવ તથા મનુષ્ય ભવનાં સુખ ભોગવીને પ્રાંતે સિદ્ધિસુખને પ્રાપ્ત કરીશ."

આ પ્રમાણેનો પોતાનો પૂર્વ ભવ સાંભળી હૃદયમાં હર્ષ પામીને તેણે પૂછ્યું "હે ભગવન્! જિનપૂજાના પ્રભાવથી મારી બેન લીલાવતી કઇ ગતિમાં પ્રાપ્ત થઇ? અને હાલ તે ક્યાં છે?" મુનિ બોલ્યા-"તે લીલાવતી સૌધર્મ દેવલોકમાં દેવતાનાં સુખ ભોગવીને દૈવયોગે આ ભવમાં આ તારી સ્ત્રી થયેલી છે." આ પ્રમાણે મુનિનાં વચનથી પોતાનું ચરિત્ર સાંભળીને તે બંનેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, જેથી પોતાનું પૂર્વ ભવનું બધું ચરિત્ર તેમને સાંભરી આવ્યું; એટલે તે બંનેએ મુનિ પ્રત્યે કહ્યું 'હે ભગવન્! તમારૂં કહેવું બધું જાતિસ્મરણથી અમારા જાણવામાં પણ આવ્યું છે, અને તે તેજ પ્રમાણે છે.' પછી વિનયશ્રી બોલી-"હે ભગવન્! હું શું અગ્નિમાં પ્રવેશ કરૂં? કારણ કે પૂર્વ ભવનો મારો બંધુ આ ભવમાં મારો પતિ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયો છે. હે ભગવંત! મારા જન્મને ધિક્કાર છે! ધિક્કાર છે! આ લોકમાં પણ મારો જન્મ નિંદિત છે, કેમકે પૂર્વ ભવનો ભ્રાતા તે આ ભવે ભર્તા થયો!' મુનિએ કહ્યું-'ભદ્રે! એવું દુઃખ ધર નહિ. કારણ કે આ સંસારમાં મૃત્યુ પામ્યા પછી બંધુ હોય તે ભર્તા પણ થાય છે.' તે બોલી-"હે ભગવન્! જો કે સંસારમાં સર્વ એવું છે; પણ જ્યાં સુધી અજ્ઞાન હોય ત્યાં સુધી તે સંબંધી દુઃખ થતું નથી, પરંતુ આત્મહિતને ઇચ્છનારો એવો કોણ પ્રાણી જાણીને વિષ ખાય? તેથી હવે જ્યારે હું જ્ઞાત થઇ ત્યારે પૂર્વ ભવના ભ્રાતાની સાથે ભોગને ઇચ્છતી નથી, માટે આજથી જાવજ્જીવ સુધી મારે નિયમા બ્રહ્મચર્ય છે. તો હવે હે ભગવન્! આ સંસારભ્રમણના દુઃખનો નાશ કરનારી દીક્ષા મને આપો." મુનિ બોલ્યા-'ભદ્રે! તારો આ વિવેક ઉચિત છે.' પછી જયકુમાર પણ બોલ્યો-'હે ભગવન્! આ સંસારને ધિક્કાર હો કે જેમાં પૂર્વભવની મારી બેન મૃત્યુ પામીને કર્મયોગે આ ભવમાં મારી સ્ત્રી થઇ! તેથી હું જો કે આ સંસારથી વિરક્ત થયો છું પણ દીક્ષા પાળવાને અસમર્થ છું, તો મારે શું કરવું? મારે જે કરવા યોગ્ય હોય તે મને બતાવો.' મુનિ બોલ્યા-'ભદ્ર! જો તું દીક્ષા પાળવાને અસમર્થ હો તો સમકિતવડે શુદ્ધ એવા શ્રાવક ધર્મને અંગીકાર કર.'

પછી વિષયસુખમાં નિરપેક્ષ થયેલી વિનયશ્રીને મુનિએ વિધિપૂર્વક દીક્ષા આપી, અને જયકુમારને શ્રાવક ધર્મને વિષે સ્થાપિત કર્યો. પછી વિનયશ્રી સાધ્વીને ખમાવી, ગુરૂના ચરણકમળમાં નમી, જિનધર્મને ગ્રહણ કરી જયકુમાર પોતાના નગરમાં આવ્યો. અને વિનયશ્રી સાધ્વી સુવ્રતા ગુરૂણીની સમીપે રહી દીક્ષા પાળી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને શાશ્વતસ્થાન (મોક્ષ) ને પ્રાપ્ત થઇ.

## इति पुष्पपूजा विषे लीलावतीनी कथा समाप्त.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्रावक तरीके ओळखाता जैनोनी अमल करवा योग्य फरजो.

## યા શ્રાવક ધર્મનું ધોરણ.

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૮ થી.)

અગાઉ બતાવી ગયા પ્રમાણે અઢાર પાપસ્થાનકોમાં પ્રવેશ કરતી પાપ મતિ વારી સમભાવ ધારી, જ્ઞાની મહારાજાએ શ્રાવકોની શી શી ફરજો સંક્ષેપમાં કહી છે તે પરમાર્થથી વિચારી તેનું મનન કરીએ.

**मन्हजिणाणमाणं, मिच्छं परिहरह धर सम्मत्तं;**
**छव्विह आवस्सयंमि, उजुत्तो होइपइ दिवसं. १**

આ આદિક પવિત્ર બોધદાયક પાંચ ગાથાઓ આપણા ભાઈઓ અને બહેનો ગણતા તો જણાય છે, પણ તેનો પરમાર્થ કોઈકજ વિરલા જાણતા હશે. અત્ર પ્રસંગે આપણે તે પર વિચાર કરીએ. આશા છે કે તેનો સાર હૃદયમાં ધરી તેનો બનતો ખપ (ઉપયોગ) કરવા આપ સર્વે ચૂકશો નહિ. જાણવાનું ફળ એજ છે. યતઃ **ज्ञानस्य फलं विरतिः**, વિરતિનું ફળ આશ્રવ નિરોધ, તેનું ફળ સંવર, સંવરનું ફળ તપોબળ, તપનું ફળ નિર્જરા, નિર્જરાનું ફળ ક્રિયાનીવૃત્તિ, તેનું ફળ અયોગિત્વ, યોગનિરોધનું ફળ સંસાર-સંતતિનો ક્ષય અને સંસારસંતતિના ક્ષયથી મોક્ષ. આમ અનુક્રમે પરમ વિનય-આદરથી ગ્રહણ કરેલું સમ્યગ્ જ્ઞાન અને તેવા જ્ઞાન પૂર્વક સેવન કરવામાં આવતી વિરતિ-ઉભય મળીને ઉત્તમ મોક્ષફળ મેળવી આપે છે; માટે મોક્ષફળના અર્થી જનોએ અત્રાર્થે પ્રમાદ કરવો નહિ.

પ્રથમ તો હે ભવ્ય! જીત્યા છે સર્વથા રાગાદિક અંતરંગ શત્રુઓ જેણે એવા જિન-વીતરાગ-સર્વજ્ઞ પરમાત્માની ઉત્સર્ગ અપવાદ, નિશ્ચય વ્યવહારરૂપ સ્યાદ્વાદ આજ્ઞાને સદ્બુદ્ધિના બળે સમજી આદરપ્રમાણ કર. સમ્યગ્ વિચાર કર કે રાગ દ્વેષ અને મોહનો સર્વથા ક્ષય થવાથી જિનેશ્વરોને કિં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્માત્ર ક્વચિત પણ અસત્ય બોલવાનું પ્રયોજન રહ્યું નથી; તેથી તેઓનું વાક્ય પ્રમાણ કરવા યોગ્ય છે એમ અખંડ નિશ્ચય કર.

બીજું—પૂર્વે જેનું સ્વરૂપ કંઇક વિસ્તારથી કહ્યું છે એવા મિથ્યાત્વનો સર્વથા ત્યાગ કરી દે.

ત્રીજું—સમ્યક્ત્વ (સમકિત) રત્નને ધારણ કર. આજ અધિકારમાં પૂર્વે કહેલા ત્રણે દેવ ગુરૂ અને ધર્મ-તત્વોનું સ્વરૂપ બરાબર સમજી તેઓમાં વિવેક કર; અર્થાત્ સત્યાસત્યનો નિરધાર કરી અસત્યનો ત્યાગ કરી સત્યનોજ સર્વથા સ્વીકાર કર. તથા હે ભદ્ર! સદ્‌ગુરૂની સમ્યગ્ સેવા કરી તત્વ ઉપદેશ સાંભળી શુદ્ધ શ્રદ્ધાધારી તત્ત્વરસિક થવું. સમકિતના ૬૭ બોલ વિચારી જેમ વિશેષ તત્ત્વવિવેક જાગે અને સમકિતની નિર્મળતા થાય તેમ કરવું; અર્થાત્ સમકિતના શંકાદિક દૂષણો તજવા, અને ગિતાર્થસેવાદિક ભૂષણો સજવા આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્તા છે, આત્મા ભોકતા છે, મોક્ષ છે, અને મોક્ષના ઉપાયો પણ સર્વજ્ઞ પ્રભુએ કહેલા છે. એ સમકિતના ૭ સ્થાનકો સમ્યગ્ વિચારી ગુરૂગમ્યવડે તેમનો નિશ્ચય કરવો, જેથી સ્વપ્નાંતરમાં પણ મતિભ્રમ થાય નહિ.

ચોથું—ષડ્‌વિધ આવશ્યકમાં પ્રતિદિન ઉજમાળ રહેવું. સામાયક, ચઉવીશજિન સ્તવન, ગુરૂવંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચખ્ખાણ એ છ આવશ્યકો પ્રતિદિન શ્રાવકજનોએ કરવા યોગ્ય છે.

(૧) જઘન્યથી બે ઘડી સુધી નિંદા-પ્રશંસા યા માન-અપમાન વિષે સમભાવ રાખી સ્વરૂપ ચિંતવન કરવું તે **સામાયક** કહેવાય છે. પાપવ્યાપાર મન વચન અને કાયા વડે પોતે (જાતે) કરે નહિં તેમજ બીજા પાસે કરાવે નહિ એવી નિરવદ્ય વૃત્તિમાં જ્યાં સુધી રહે ત્યાં સુધી તે સામાયક વંતને શાસ્ત્રકારે સાધુ સમાન (સાધુ જેવો) કહ્યો છે, માટે પ્રમાદ પરિહરી અવશ્ય અનેકશઃ સામાયક અંગીકાર કરવું. (૨) શ્રી રિષભદેવથી માંડી શ્રી વીર-મહાવીર પ્રભુ પર્યંત ૨૪ તીર્થંકરોની અતિ અદ્દ્‌ભુત ગુણસ્તવના રૂપ **ચઉવિસત્થો** પ્રતિદિન પરમાર્થ સમજવા પૂર્વક અવશ્ય પઢવો. આથી સમકિત ગુણની શુદ્ધિ થાય છે. (૩) સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્રને સેવનારા આચાર્યાદિક સુવિહિત સાધુ-નિર્ગ્રંથોને પ્રતિદિન દ્રવ્યભાવ વિનય પૂર્વક **વંદન** કરવું. તેવા ગુણશાળી ગુરૂમહારાજના વંદનથી આપણને જ્ઞાના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિક ગુણોનો લાભ મળે છે. (૪) જાણતાં કે અજાણતાં થયેલી ભૂલોને સુધારી લેવા પશ્ચાત્તાપપૂર્વક તેવી ભૂલો ફરી ફરીને નહીં કરવાની બુદ્ધિથી ગુરૂમહારાજ સાક્ષિક આલોચના કરી શુદ્ધ થવું તેનું નામ **પ્રતિક્રમણ.** વારંવાર જાણી જોઇને ભૂલો-દોષો સેવી આલોચના કરવી એ હિતકર નથી, માટે સમ્યગ્ આ-લોચના કરી તરત ભૂલ સુધારી પુનઃતેવી ભૂલ બનતો ઉપયોગ રાખી થવા દેવી નહિ; એજ ખરૂં સમજ્યાનો સાર છે. (૫) કાયાદિકની ચપળતા તજી સ્થિરતા કરી એકાગ્રપણે પરમાત્માનું યા સ્વસ્વરૂપનું ધ્યાન કરવું અને તે દ્વારા અન્ય સંકલ્પ વિકલ્પોવડે થતું અપધ્યાન— આર્તરૌદ્ર રૂપ માઠું ધ્યાન પરીહરવું; તેનું નામ **કાઉસ્સગ્ગ** છે. ઉક્ત કાઉસ્સગ્ગથી વિશેષે આત્મ-શુદ્ધિ થઇ શકે છે. (૬) છઠ્ઠું આવશ્યક **પ્રત્યાખ્યાન** નામે છે. આત્મસ્થિરતા વધારવા, અનવબાધક-ઉપયોગ ટાળવા નિમિત્તે તથા શુભસાધક-ઉપયોગ જગાડવા માટે ઉપવાસાદિક તપ વિશેષ તથા અન્ય આત્મહિતકર અભિગ્રહ વિશેષ ચોક્કસ ધારવા-કરવા; તેનું નામ પચ્ચખ્ખાણ છે. તે વિવેકપૂર્વક વ-ર્તનારના સર્વ ગુણની પુષ્ટિ કરે છે, માટે આત્માર્થી સજ્જનોએ અવશ્ય આદરવા યોગ્ય છે. ઉક્ત છએ આવશ્યકો સદ્ભાવથી સેવનારને ઉત્તમસુખ આપે છે. તેથી જેમ બને તેમ તત્સંબંધી વિશેષ સમજ મેળવી તેમને યથાવિધિ સેવવાની ખાસ જરૂર છે.

**पव्वेसु पोसहवयं, दाणं सीलं तवोअ भावोअ;**
**सज्झाय नमुक्कारो, परोवयारोअ जयणाअ. २**

પાચમું—પર્વ દિવસે પૌષધવ્રત અવશ્ય ગ્રહણ કરવું. દરેક માસમાં દરેક અષ્ટમી ચતુર્દશી આદિક પર્વ દહાડા આવે છે. જ્ઞાન (સૌભાગ્ય) પંચમી, મૌન એકાદશી, ત્રણે ચોમાસી, પર્યુષણા, ચૈત્રી-કાર્તકી પૂર્ણિમા, યાવત્ જે જે અતીત અનાગત અને વર્તમાન જિનેશ્વર પ્રભુઓના કલ્યાણક દિવસો હોય તે તે સર્વેને પર્વ દિવસો લેખવા. તે તે સર્વ પર્વ દિવસો વિષે પૌષ-ધાદિક ધર્મકરણી વિશેષે કરવી. યતઃ

"કરી શકો ધર્મ કરણી સદા, તો કરો એહ ઉપદેશરે;
સર્વ કાળે કરી નવી શકો, તો કરો પર્વ સુવિશેષરે.
વિરતિએ સુમતિ ધરી આદરો."

For Private And Personal Use Only

તે દિવસ યથાશક્તિ ઉપવાસ, આયંબિલ, એકાસનાદિક તપ કરવો; બીજું શરીર શોભાનો ત્યાગ કરવો; ત્રીજું અહોરાત્રિ અખંડ બ્રહ્મચર્ય પાળવું, અને ચોથું સર્વ પાપ વ્યાપારનો ત્યાગ કરવો. આ ચારે પ્રકારે પૌષધ વ્રત પ્રીતિથી અંગીકાર કરી યથાવિધિ પાળવું. કદાચ કોઇ કારણે સંપૂર્ણ ચારે બાબતો બની ન શકે તો તેમાંની જેટલી બની શકે તેટલી તો વિવેક પૂર્વક અવશ્ય બનાવવી. તેમજ ચૈત્ય પરિપાટી, ઉત્કૃષ્ટ ચૈત્યવંદન, પૂજા, ગુરૂ ભક્તિ, શાસ્ત્રશ્રવણ તથા અનુકંપા દાનાદિક ધર્મકૃત્યો યથાઅવસરે યથાવિધિ અવશ્ય સાચવવાં, પરંતુ પ્રમાદ (વિકથાદિક) કરવો નહિ. કહ્યું છે કે–

**"જીવને આયુ પરભવ તણું, તિથિ દિન બંધ હોય પ્રાયરે;**
**તે ભણી તેહ આરાધતાં, પ્રાણિયો સદ્‌ગતિ જાયરે.**
**વિરતિએ સુમતિ૦"**

માટે જેમ બને તેમ પ્રમાદ પરહરી **સૂર્યયશા** મહારાજાની પેરે પર્વ દિવસોનું આરાધન કરો. તેમજ **કુમારપાળ** ભૂપાલની પેરે ધર્મ આરાધવામાં સ્વશક્તિ ફોરવો.

છઠ્ઠું—અભયદાન, સુપાત્રદાન અને અનુકંપાદિક દાનમાં પોતાની તથા પવિત્ર શાસનની ઉન્નતિ કરવા ખાતર બીજા તુચ્છ ફળની ઇચ્છા રાખ્યા વિના નિરંતર આદર કરો. વિવેક આણી યોગ્ય જીવોને જ્ઞાનદાન દેનારો અથવા જ્ઞાનાર્થે સ્વદ્રવ્યનો સદુપયોગ કરનારો મહા લાભ બાંધે છે. જ્ઞાન એ ભાવપ્રાણ છે માટે.

સાતમું—શીલ કહીએ સદાચાર. અનેક જીવોની હિંસા થાય તથા ઉત્તમ કુળ મર્યાદાનો લોપ થાય તેવા માંસભક્ષણ, સુરાપાન, મૃગયા, પરસ્ત્રી તથા વેશ્યાગમન, જુગાર, ચોરી, અભક્ષ્ય સેવન, વિશ્વાસઘાત, તથા પરવંચનાદિક માઠાં આચરણો સુશ્રાવકે અથવા શ્રાવક ધર્મ સ્વીકારવા ઇચ્છનાર સદ્‌ગૃહસ્થે અવશ્ય તજવાં યોગ્યજ છે; અને જેમ પવિત્ર ધર્મની પ્રાપ્તિ અને પુષ્ટિ થાય તેવો સદાચાર સદા સેવવા યોગ્ય છે.

આઠમું—તપધર્મનું યથાશક્તિ અવશ્ય સેવન કરતાંજ રહેવું. જેમ અગ્નિના તાપથી સુવર્ણની શુદ્ધિ થાય છે તેમ તપના તાપથી આત્માની વિશુદ્ધિ થાય છે. સંયમથી નવા આવતાં કર્મ રોકાય છે, અને સમતા પૂર્વક સેવન કરવામાં આવતા દ્વાદશ વિધ તપ ધર્મથી પૂર્વનાં કર્મ દગ્ધ થઇ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે; જો કે છઠ્ઠું અઠ્ઠમાદિક બાહ્ય તપ સેવન કરતાં કિંચિત્ કષ્ટ પડે છે, તોપણ તેને વિવેક તથા ક્ષમા સહિત સેવવાથી અતુલ્ય લાભ સાંપડેછે. જેથી મોક્ષાર્થી ભવ્ય જનોએ ઉક્ત તપ અવશ્ય સેવવા યોગ્ય છે.

નવમું—ભાવના એ ભવભવની ભાવઠ કાઢનાર અને ઉત્તમ સુખ આપનાર શ્રેષ્ઠ સાધન છે. પૂર્વોક્ત દાન, શીલ અને તપ આદિક સર્વ ધર્મકરણી ભાવના વિના નિષ્ફળ છે. લૂણ વિનાના-અલૂણા ધાન્યની જેમ કરવામાં આવતી ધર્મકરણી કંઇ સ્વાદ આપતી નથી, અને ભાવનાના મેળાપથી તે સર્વ સરસ-સુખદાયી થઇ પડે છે; તે ભાવના, કરવામાં આવતી યા કરવા ધારેલી અવશ્ય કરવા યોગ્ય ધર્મકરણીની યથાયોગ્ય સમજ મેળવી તેનો નિરંતર પ્રીતિ પૂર્વક અભ્યાસ કરવાથી પ્રગટે છે. અંતે ઉક્ત કરણી ભાવનામય બની જાય છે; માટે પ્રથમ તો દરેક કરવા યોગ્ય ધર્મકરણીનું પ્રયોજન-ફળ સદ્ગુરૂ દ્વારા પૂછી નિર્ધારવું, જેથી ઉક્ત ધર્મકરણી કરતાં મન સ્થિર થઇ શકે અને અનુક્રમે તે પ્રતિ પ્રીતિ વૃદ્ધિ પામે. યાવત્ અંતે તેથી સદ્ભાવ પ્રગટતાં અપૂર્વ લાભ મળે; અથવા પવિત્ર શાસ્ત્રોમાં કહેલી મૈત્રી, પ્રમોદ, કરૂણા અને મધ્યસ્થતા રૂપ ચાર પાવન ભાવનાઓ તથા વૈરાગ્ય દશાને વધારી અંતે ઉત્તમ ઉદાસીન ભાવ મેળવી આપનારી અનિત્ય અશરણ આદિક દ્વાદશ (૧૨) ભાવનાઓ ભવભીરૂ ભવ્યોએ પ્રતિદિન ક્ષણે ક્ષણે શુદ્ધ અંતઃકરણથી અવશ્ય ભાવવા યોગ્ય છે. ઉક્ત ભાવનાઓ વિના તત્ત્વથી વૈરાગ્યની ખામી વડે ક્રિયા ફિક્કી લાગે છે.

દશમું—સ્વાધ્યાય ૧ વાચના (નવીન શાસ્ત્રનું ભણવું), ૨ પૃચ્છના (શંકાનું સમાધાન કરવું), ૩ પરિવર્તના (ભણેલું ભૂલી ન જવાય માટે ફરી ફરી ગણી જવું), ૪ અનુપ્રેક્ષા (ધારેલા અર્થનું ચિંતવન કરવું) અને ૫ ધર્મ કથા (જેમાં આપણને સારી સમજ પડી હોય અને જરાપણ બ્રાંતિ રહેતી ન હોય તે બાબત યોગ્ય જીવોને કહી ધર્મમાં જોડવા). તે પાંચે પ્રકાર પ્રતિદિન અવસ્ય કરવા યોગ્ય છે. તેમાં ચિત્તની એકાગ્રતા થવાથી આવતા કર્મ રોકાવા સાથે અપૂર્વ ભાવયોગે પૂર્વ કર્મની ભારે નિર્જરા થાય છે,

૧૧ મું—નમ્મુક્કારો (નમસ્કાર) કહેતાં પંચ પરમેષ્ઠિ નમસ્કાર રૂપ મહામંત્રનું નિત્યપ્રતિ સ્મરણ કરવું. એક ક્ષણ માત્ર પણ પ્રમાદમાં પડી ઉક્ત મહામંત્રનું વિસ્મરણ કરવું નહિ. ઉક્ત મહામંત્ર ચૌદ પૂર્વોના સારભૂત છે, માટે તેનું પરમ આદરથી સેવન-મનન ધ્યાનાદિક કરવું.સ્વશ્રેયઃ સાધવાનું તે પરમ સાધન છે માટે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨ મું-પરોપકાર બુદ્ધિ અવશ્ય ધારવી. કહ્યું છે કે-

**मनसि वचसि काये पुण्यपीयुषपूर्णा**
**स्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयंतः ।** ઇત્યાદિ.

મન વચન અને કાયાને વિષે પુણ્ય અમૃતથી ભરેલા અને ત્રણે ભુવનોના પ્રાણીઓને ઉપગારની પરંપરાથી પ્રસન્ન કરતા···એવા કેટલાક સજ્જન પુરૂષો હોય છે. ખરૂં જોતાં પરોપકાર એ તત્વથી પોતાનોજ ઉપગાર છે. નિઃસ્વાર્થપણે પરોપકારશીલ સત્પુરૂષોને સ્વાશય શુદ્ધિથી ભારે નિર્જરા થાય છે. શ્રી તીર્થંકર ગણધરાદિક મહાશયોની પેરે.

૧૩ મું-જયણાઃ-આ વિષયપર થોડા વખતપર **સામાન્ય હિતશિક્ષા** ના મથાળાથી લખવામાં આવેલું છે; તે ત્યાંથી જોઇ લેશો. આપણે ઘડીએ ઘડીએ અને પળે પળે જયણા માતાને સંભારવાની છે. તે પૂજ્યમાતાની સેવા વિના સર્વ ધર્મકરણી ફોકટ છે. વ્યવહાર કાર્યમાં પણ જે સુપુત્રો પૂજ્ય જયણા માતાને વિસારતા નથી તેઓજ ખરા પ્રશંસાપાત્ર છે.

**जिणपूआ जिणथुणणं, गुरुथुअ साहम्मीआणवच्छल्लं;**
**ववहारस्सयसुद्धिं, रहजत्ता तित्थजत्ताअ. ॥ २ ॥**

૧૪ મું-ત્રિકાળ શ્રી જિનેશ્વર પ્રભુની પૂજા યથાશક્તિ સ્વદ્રવ્યોવડે કરવી. પ્રભાતમાં હાથ પગ વિગેરે શરીરની તથા વસ્ત્રની શુદ્ધિ કરી, અષ્ટપટ મુખ કોષ કરી ઉત્તમ વાસથી, મધ્યાન્હ સમયે ૫-૮-૧૭-૨૧ પ્રકારી તથા સાયંકાળે ધૂપ દીપવડે, ભાવિક આત્મા ભક્તિભરે ભગવંતની ભક્તિ કરે. દ્રવ્યશક્તિહીન માત્ર ભાવભક્તિજ કરે. જિનમંદિરમાં નિસ્સીહી આદિક દશત્રિક, પાંચ અભિગમ વિગેરે પ્રમાદ રહિત સાચવે. નાની મોટી આશાતના સમજી શ્રી જિનમંદિર યા શ્રી ગુરૂદ્વારે અવશ્ય તજે. આ સંબંધી વિશેષ અધિકાર શ્રી **દેવવંદન ભાષ્ય** મૂળ-ટીકા કે બાળાવબોધથી જાણવા ખપ કરવો.

૧૫ મું-પ્રભુની દ્રવ્યપૂજન કર્યાબાદ ભાવસ્તવ-સ્તુતિ અવશ્ય કરવાં. તે ચૈત્યવંદન જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ મુખ્ય ત્રણ પ્રકારે છે. જઘન્ય એક સ્તુતિથી, મધ્યમ ચારથી અને ઉત્કૃષ્ટ આઠ સ્તુતિઓથી, અથવા જઘન્ય એક શ્લોક માત્રથી, મધ્યમ એકથી વધારે શ્લોકોથી અને ઉત્કૃષ્ટ ૧૦૮ શ્લોકો-કાવ્યોથી ચૈત્યવંદન કરવું. સ્થિરતાયોગે ઇર્યાવહી પૂર્વક ચૈત્યવંદના વિધિ સાચવવી.

For Private And Personal Use Only

૧૬ મું-સદ્ગુરૂ ( શુદ્ધતત્ત્વ-ઉપદેશક )ની સેવા ભક્તિ ( સ્તવનાદિક ) બહુ માન અવશ્ય કરવા યોગ્ય છે. પોતે પવિત્ર આચારને પ્રતિદિન પાળી શાસનની પ્રભાવના કરે તેવા સદ્ગુરૂ મહાભાગ્યયોગેજ પ્રાપ્ત થાય છે. પૂર્વ પુણ્યયોગે તેવા સદ્ગુરૂની જોગવાઇ પામી પ્રમાદરહિત બનતો લાભ લેવો.

૧૭ મું-સાધર્મી વાત્સલ્યનું ફળ શાસ્ત્રમાં ઉત્તમ કહેલું છે, માટે તેનું સ્વરૂપ સમજી બનતો લાભ લેવા ચૂકવું નહિ. સમાન ( એક સરખો વીતરાગ સર્વજ્ઞભાષિત ) ધર્મને સેવનાર સાધર્મી કહેવાય, તેની યથાશક્તિ યથા અવસર ભક્તિ કરવી તેનું નામ સાધર્મીવાત્સલ્ય છે. સંસારચક્રમાં માતા પિતાદિક કુટુંબીજનોનો સંબંધ સુલભ છે, પણ સાધર્મીઓનો સંબંધ દુર્લભ છે. ભાગ્યયોગે તેનો સંબંધ પામી તેનો યથાશક્તિ લાભ લેવો ઘટે છે. સાધર્મીઓમાંના જેઓ ગુણશ્રેણિમાં આગળ વધી ગયા હોય તેઓનો સમાગમ-આદર બહુમાન કરી ગુણ ગ્રહણ કરી તથા જેઓ કોઇ રીતે સીદાતા હોય તેઓને બનતી સહાય કરી સાચા સાધર્મીવાત્સલ્યનો લાભ લેવો. સીદાતા સાધર્મીઓની તદ્દન ઉપેક્ષા કરી કેવળ યશ-કીર્તિના લોભથી આપમતિએ પૈસા ઉડાવવાથી શું સાધર્મી વાત્સલ્ય ગણાય? નાના, બિલકુલ નહિ. વિવેકવડે સાધર્મીઓની ઉન્નતિ થાય તેમ વર્તવાથી સહજ તે લાભ સાંપડી શકે.

૧૮ મું—વ્યવહારની શુદ્ધિ સ્વહિતેચ્છુ શ્રાવકે અવશ્ય કરવી યોગ્ય છે. તે માટે શ્રી હરિભદ્ર સૂરિશ્વરે ધર્મબિંદુ ગ્રંથમાં કહેલા માર્ગાનુસારીના ૩૫ બોલો અવશ્ય લક્ષમાં લેવા યોગ્ય છે. ન્યાયનીતિથી દ્રવ્ય ઉપાર્જન આવક પ્રમાણે વ્યય (ખર્ચ), ઉચિત આચરણ, માતાપિતાની ભક્તિ, લોકવિરૂદ્ધ અને રાજ્ય વિરૂદ્ધનો ત્યાગ અને અભક્ષ્ય નિષેધ વિગેરેનો તેમાં સમાવેશ થાય છે. જ્યાં સુધી બરાબર વસ્ત્ર શુદ્ધિ કરી ન હોય ત્યાં સુધી જેમ તેનીપર સારો રંગ ચડી શકે નહિ, તેમ વ્યવહાર વિકળને પણ ધર્મ પ્રાપ્તિ થઇ શકે નહિ. માટે વિનય, શિષ્ટાચાર, કૃતજ્ઞતા, દયાલુતા, દાક્ષિણ્યતા અને પરોપકાર પ્રમુખ અનેક શુભ ગુણો સેવી જેમ બને તેમ પ્રથમ વ્યવહારની શુદ્ધિ માટે પ્રયત્ન કરવો.

૧૯ મું—રથયાત્રા (રથમાં પ્રભુને બિરાજમાન કરી મહોત્સવ પૂર્વક પ્રભુની ભક્તિ કરતાં કરતાં નગરાદિકમાં પરિભ્રમણ કરવું તે) વડે ક્રમમાંકમ એકવાર દરવર્ષે સુશ્રાવકો કુમારપાળ ભૂપાળની પેરે શાસનોન્નતિ કરે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦ મું—તીર્થયાત્રા પણ પ્રતિવર્ષ સુશ્રાવકોએ વિવેક પૂર્વક કરી તત્ર સ્થિર મન વચન કાયાએ કરી દેવ, ગુરૂ, ધર્મ, સંઘ-સાધર્મીઓનું વિધિવત્ સેવન કરી સ્વ સમકિતાદિક શુદ્ધ કરી પૂર્વ પુણ્યયોગે સાંપડેલી સામગ્રી સફળ કરવી; વસ્તુપાળ તેજપાળ આદિવત્. આ તીર્થયાત્રા સંબંધી સવિસ્તર હકીકત શ્રી તીર્થયાત્રા દિગ્દર્શન નામના નિબંધમાં થોડાક માસ પહેલાં "જૈનધર્મ પ્રકાશ" માં પ્રસિદ્ધ થયેલી છે; તેમાંથી આ વિષયને લગતી બાબત વાંચી-વિચારી-લક્ષ્યમાં રાખી ઉચિત વિવેક અવસ્ય આદરવો.

**उवसम विवेक संवर, भासासमिइ छज्जीवकरुणाय;**
**धम्मियजणसंसग्गो, करणदमो चरणपरिणामो. ४**

૨૧ મું—ઉપશમ ભાવ અવશ્ય આદરવો; એટલે ક્રોધાદિક કષાય ટાળવા. ક્ષમાગુણ આદરી ક્રોધદોષ તજવો, નમ્રતા આદરી અહંકાર દોષ તજવો, સરલ સ્વભાવ ધારી માયા (વક્રતા) દોષ તજવો, અને સંતોષ ગુણ સેવી લોભદોષને વમવો. ક્રોધાદિક કષાયથી તપેલો આત્મા ઉપશમ નીરથી શાંત થાય છે. ચીલાતીપુત્રની પેરે.

૨૨ મું--વિવેકગુણ અવશ્ય ધારવો. ખરા ખોટાનું, ભક્ષ્યાભક્ષ્યનું, હિતાહિતનું, ઉચિત અનુચિતનું તેમજ ગુણદોષનું જે વડે બરાબર જાણપણું થાય તેનું નામ વિવેક. વિવેકી જનો હંસ જેવા ગણાય છે, અને વિવેક રહિત કાગ જેવા લેખાય છે. વિવેકવંત ચિંતામણિ રત્ન જેવા અમૂલ્ય ધર્મને પામી સાચવી શકે છે, અને અવિવેકી તેથી કમનસીબજ રહે છે, વિવેક શૂન્યને પશુ તુલ્ય કહ્યો છે.

૨૩ મું--સંવરગુણ આશ્રવોના નિરોધથી આવે છે. આશ્રવો એટલે નવાં કર્મો આવવાના રસ્તા. પાંચે ઇંદ્રિયોને પરવશ થવું, ચાર કષાયોનું સેવન અર્થાત્ ક્રોધ, માન, માયા અને લોભનું કરવું, અવિરતિવંત રહેવું, છતી શક્તિએ પણ વ્રત પચ્ચખ્ખાણ નહિ કરવા, મન વચન અને કાયયોગ માઠા પ્રવર્તાવવા, અને તેવી બીજી અહિતકારી ક્રિયાઓ કરવી-તે સર્વે આશ્રવરૂપ હોવાથી જીવને કર્મબંધનના કારણભૂત છે; તે સર્વનો વિવેકથી ત્યાગ કરવો તેજ સંવર. તે પરમ સુખદાયી હોવાથી ભવભીરૂ આત્મહિતેચ્છુ જનોએ ચિલાતીપુત્રની પેરે અવશ્ય આદરવા યોગ્ય છે.

For Private And Personal Use Only

૨૪ મું-ભાષાસમિતિ એટલે બોલવામાં સમ્યગ્ ઉપયોગ અહીંજ આ-વશ્યકે રાખવા ઘટે છે. તેજ અધિકારે ઉપદેશમાળાકાર કહે છે તે ખાસ લક્ષ્યમાં રાખી લેવા યોગ્ય છે. ગાથા.

**महुरं निउणं थोवं, कज्जावडियमगव्वियमतुच्छं;**
**पुव्विं मइ संकलियं, भणियंजं धम्मसंजुत्तं.**

આ પવિત્ર ગાથાનો પરમાર્થ વિચારી વચનવિવેક અવસ્ય આદરવો યોગ્ય છે. ભાવાર્થ એ છે કે જે વચન બોલવું તે આવા પ્રકારનું હોવું જોઇએ. પ્રથમ તો તે વચન મિષ્ટ (મીઠું-મધુરતાવાળું) હોવું જોઇએ, પણ કટુક (કડવું) હોવું ન જોઇએ. બીજું તે વચન નિપુણ (ડહાપણ ભરેલું) જોઇએ, તે પણ અતિ ઘણું નહિ. ચોથું પ્રસંગોપાત બોલવું જોઇએ પણ અતિપ્રસંગ થાય તેમ નહિ. પાંચમું ગર્વરહિત નમ્રતાથી બોલવું જોઇએ, પણ ગર્વવાળું નહિ. છઠ્ઠું ઉમદું-સામાનું માન જળવાય, અપમાન ન થાય તેવું બોલવું જોઇએ, પણ તોછડાઇ ભરેલું (તુંકારાદિક) નહિ. સાતમું પહેલાં આનું પરિણામ કેવું આવશે તે સંબંધી પૂરતો વિચાર કરીને ભાષણ કરવું, પણ જેમ આવે તેમ વગર વિચાર્યું નહિ, છેવટ ધર્મમાર્ગને મળતુંજ ભાષણ કરવું, પણ તેથી કોઇ રીતે વિરૂદ્ધ નહિ. આ પ્રમાણે વિવેક પૂર્વક વદનારનું વચન પ્રમાણભૂત હોવાથી વિશ્વાસપાત્ર થાય છે; માટે પોતાની તથા ધર્મની ઉન્નતિ વધારવા ભાષાસમિતિ અવસ્ય સાચવવી.

૨૫ મું-ષટ્જીવ-નિકાય (સર્વજીવો) પર કરૂણા બુદ્ધિ ધારી સુખાળુ તેમની જાતની રક્ષા કરવી. સર્વ કોઇને જીવવું પ્રિય છે, મરવું પ્રિય નથી એમ સમજી સુખના અર્થીએ કોઇ જીવને હણવો નહિ, બીજા પાસે હણાવવો નહિ, તેમજ હણનારને સારો પણ જાણવો નહિ; અથવા કોઇ જીવને દુઃખ પેદા થાય તેવું કંઇ પણ અનુચિત પોતે જાતે કરવું નહિ, બીજા પાસે કરાવવું નહિ, તેમજ અનુચિત આચરનારને રૂડો જાણવો નહિ. કરૂણાર્દ્ર હૃદયવંતે કોઇનું પણ અનિષ્ટ (ખોટું) મનથી ચિંતવવું નહિ, વચનથી બોલવું નહિ, તેમજ કાયાથી કરવું નહિ. જેમ સર્વેનું શ્રેય થાય તેવુંજ સદા ચિંતવવું, તેવુંજ બોલવું, અને તેવુંજ જાતે કરવું. બીજાને પણ તેમજ કરવા ઉપદિશવું, અને તેમજ કરનારની સદા અનુમોદના કરવી. અપૂર્ણ.

મુનિ કર્પૂરવિજયજી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

બહારગામમાં સાધારણ સ્થીતિની તેમજ ગૃહસ્થ વર્ગની જૈન સ્ત્રીઓ માટે સ્ત્રી શીક્ષકો તરીકે તૈયાર કરવા સારૂ જૈન સ્ત્રીઓ જોઇએ છે. તે સ્ત્રીઓને શરૂઆતમાં મુંબઇ શહેરમાં કેટલાંએક સારાં ઉપયોગી કામો કાબેલ સ્ત્રી શીક્ષકોના હાથ તળે શીખવવામાં આવશે અને તે વખતે તેમને માસીક રૂ. ૧૦) ની સ્કોલરશીપ આપવામાં આવશે, તે પછી બહારગામમાં સ્ત્રી શીક્ષક તરીકે રૂ.૧૫) થી ૨૦) ના માસીક પગારેથી મોકલવામાં આવશે. તે પ્રમાણે ઇચ્છા રાખનારી જૈન સ્ત્રીઓએ નીચેને સરનામે લખવું. આવી સ્કોલરશીપો ૧૦ થી ૧૫ આપવાનો વિચાર છે; ભણેલી બહેનોએ આ તક નો લાભ લેવા ચુકવું નહી.

જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ.
સરાફબજાર—મુંબાઇ.

## જૈનો માટે જાહેર ખબર

આંધળા પણ જુવાન અને કામ કરવાને શક્તિવાન જૈનોને સારી રીતે ગુજરાન ચલાવી શકાય તેવા ધંધાઓ શીખવવાની તજવીજ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી કરાવી આપવામાં આવશે. અને જ્યાં સુધી તેઓ શીખી રહે ત્યાં સુધી ખાવા પીવા તથા રહેવા વિગેરેની ગોઠવણ પણ કોન્ફરન્સ તરફથી કરી આપવામાં આવશે. એ પ્રમાણે ઇચ્છનારાઓએ નીચેને સરનામે લખી જણાવવું.

જૈન (શ્વેતાંબર) કોન્ફરન્સ ઓફીસ.
સરાફ બજાર—મુંબાઇ.

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

માબાપ વગરનાં બાળકોને તથા જેઓનાં માબાપ પોતાનાં બાળકોને કેળવણી આપવાની શક્તિ ધરાવતાં ન હોય તેવાં બાળકોને કોન્ફરન્સ તરફથી ખાવા પીવા વિગેરેની તથા કેળવણી આપવાની સવડ પડતે રસ્તે ગોઠવણ કરી આપવામાં આવશે. આવાં બાળકોના વાલી અથવા લાગતા વળગતાઓએ તે માટે નીચેને સરનામે નામ ઠામ સાથે લખી જણાવવું.

જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ.
સરાફ બજાર—મુંબાઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈનધર્મ પ્રસારક સભામાં દાખલ થયેલા નવા સભાસદો.

### પહેલા વર્ગમાં.

૧ પરી આલાભાઈ ગીરધરલાલ. શ્રી કપડવંજવાળા
૨ પરી આલાભાઈ દલસુખરામ ,,
૩ શા. લીલાધરભાઈ સાંગાણી શ્રી રાજકોટવાળા
૪ શા. વ્રજલાલ દીપચંદ શ્રી ભાવનગર.

### બીજા વર્ગમાં.

૫ શેઠ હરીચંદ જગજીવન શ્રી ભાવનગર.
૬ શા. કલ્યાણજી પદમશી બી. એ. ,,
૭ શા. અનુપચંદ મેળાપચંદ બી. એ. શ્રી ભરૂચવાળા.

### લાઇફ મેમ્બર.

૮ શ્રી ખંભાત જૈન સુબોધ પુસ્તકાલય ને રૂ.૫૦) આપવાથી લાઇફ મેમ્બર તરીકે રજીસ્ટર કરવામાં આવેલ છે.

---

# श्री उपदेश प्रासाद भाषांतर ग्रंथ.

આ ગ્રંથના બે ભાગ બહાર પડી ચુકેલા છે, જેથી તે વિષે અત્ર વિશેષ લખવાની આવશ્યક્તા નથી પરંતુ તે બે ભાગ પૈકી પહેલો ભાગ તો ઘણી ભૂલોવાળો છે જેને માટે તે બુકમાંજ અમારી સૂચના તરીકે લખાયેલ છે. બીજો ભાગ અમારી જાતે ભાષાંતર સુધારીને છપાવેલો છે. તે વાંચવાથી તરતજ સમજાય તેમ છે, પરંતુ તે ભાગ ચીમનલાલ સાંકળચંદ મારફતીઆના ભાગમાં છપાવેલો છે. તે ભાઈ ગુજરી ગયેલ હોવાથી હવે પછીના ત્રણે ભાગો અમે સ્વતંત્ર છપાવવાના છીએ જેમાંથી આ ત્રીજા ભાગની જાહેર ખબર છે. ભાષાંતર ખાસ તપાસી શુદ્ધ કરીને છપાવવામાં આવશે. બનાવટી માલની જેમ આ નામનું બીજું ભાષાંતર છપાય તો ગ્રાહકોએ સાવચેત રહી પ્રસિદ્ધ કર્તાનું નામ જોવા માટે આ સૂચના છે. કિંમત બીજા ભાગની જેમ આની પણ ઘટાડેલી રૂ.૧-૮-૦ જ રાખવામાં આવશે. બનતી તાકીદે બહાર પાડવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લવાજમની પહોંચ.

૩—૦ શા હુરચંદ અમીચંદ
૧—૦ વોરા જસરાજ સુરચંદ
૧—૦ ગાંધી ફુલેરદાસ પુરૂષોતમદાસ
૨—૮ ભણશાળી લખમીદાસ ગોવંદજી
૧—૪ શા કેશવલાલ વેલશી
૧—૪ શા લલુભાઇ ધનજી
૧—૦ શા તેજપાળ રણછોડ
૧—૦ શા કરશનદાસ દામજી
૧—૮ શા ઉમેદચંદ દલીચંદ
૧—૪ શા નગીતમ હીરાચંદ કાપડીયા
૮—૭ સંઘવી વજેચંદ કાનજી
૧—૦ શા માણેકચંદ આણંદજી
૧—૪ શેઠ ભગા પંચાણ
૧—૦ શા હરજીવન દેવચંદ
૧—૦ શા પરભુદાસ દીપચંદ
૨—૮ પરી મણીલાલ ખુશાલચંદ
૧—૪ શા જીવણદાસ હરગોવન
૧—૪ શા અમીચંદ ઝીણાભાઇ
૧—૪ ઝવેરી કુંવરજી કરતુર
૨—૮ શા ઝવેર દેવાજી
૧—૪ શા ગીરધરલાલ દામોદરદાસ
૧—૪ વોરા. નથમલજી દલીચંદ
૨—૮ ગાંધી રાઘવજી હંસરાજ
૧—૪ શા લખમીચંદ માણેકચંદ
૨—૦ શા લલુભાઇ છગનલાલ
૩-૧૩ શા અમીચંદ નથુજી
૧—૪ શેઠ ડામરભાઇ નથુભાઇ
૧—૦ શા પનાચંદ ખુશાલ
૧—૪ શા બકોર ચત્રભુજ
૨—૮ શા રૂપશી જેઠાભાઇ
૨—૮ મોદી મગનલાલ રણછોડદાસ
૧—૪ શા ગોકળ પનાચંદ
૨—૮ ભણશાળી હીરજી ગંગાધર
૧—૪ શ્રી ખંભાત સુબોધકપુસ્તકાલય
૨—૮ શા હીરાજી જીવાજી
૧—૪ શા રખબાજી નેમચંદ
૧—૪ શા કરતુરચંદ કેવળદાસ
૧—૪ શા ઠાકરસી લાલચંદ

૧—૪ શા કાશીરામ ખીમચંદ
૧-૧૪ શેઠ વીસનજી ત્રીકમજીની કું.
૨—૮ શા જયચંદ દયાચંદ
૧—૪ શા વેલસીભાઇ હેમચંદ
૨-૧૪ શા દલપત પાનાચંદ
૨—૮ પરી. નથમલજી મંગળજી
૩—૦ શા છગનલાલ જીવરાજ
૧—૪ મુનિ શ્રી હીમતવિજયજી
૨—૮ શા ગોવનજી લાડકચંદ
૧—૪ શા નથુ બેચર
૧—૪ પદ્મનાભ શર્મા
૨—૮ શા દલપતરામ વ્રજલાલ
૨—૮ શા રામજી મુળજી
૩-૧૨ શા મુળચંદ નેણસી
૧—૪ પરી. કુબેરદાસ પરશુદાસ
૧-૧૪ શા મોહનલાલ વમળચંદ
૨—૮ શેઠ ખેડા પંચાણ
૨—૮ શેઠ અમીચંદ સાકરચંદ
૧—૪ દોસી ફુલચંદ હુકમચંદ
૨-૧૦ શા જમનાદાસ દામજી
૧—૮ શા બેચરદાસ અનોપચંદ
૦—૩ શા મનસુખરામ માણેકચંદ
૨—૮ શા જગજીવનદાસ મનસુખરામ
૧—૪ કોઠારી હરીસિંહજી
૧—૩ શા મુળચંદ ગીરધરલાલ
૧—૦ શ્રી લોંકાગચ્છની સભા
૧—૪ શા વાલજી ભાણજી
૨—૮ શા ગોરધનદાસ બેચરદાસ
૨-૧૨ શા અમરચંદ સોમજી
૧—૪ સંઘવી વશરામ કાળા
૧—૪ શા પ્રેમચંદ હીરાચંદ
૨—૮ શા કેશવલાલ પુંજારામ
૨—૮ શા પુંજીરામ ગણેશ
૧—૦ લોઢા ભાલમચંદજી
૧—૪ શા પ્રેમજી કેશવજી
૧—૪ શા કેવળભાઇ જેચંદ
૧—૪ ઝવેરી લલુભાઇ સત્રચંદ
૨—૮ શા પરશોતમ લલુભાઇ

For Private And Personal Use Only

૩—૧૪ શા ભગવચંદ મોતીચંદ
૦—૪ ઝવેરી દુલભજી ત્રીભોવનદાસ
૧—૪ માસ્તર મગનલાલ રવચંદ
૨—૮ શા ફુલચંદ હીરાચંદ
૨—૧૦ શા બેચર નથુ
૧—૪ શા મોતીલાલ રાયચંદ
૧—૦ શા રામચંદ ઓધવજી
૨—૮ શા પરભુદાસ કપુરચંદ
૧—૪ શેઠ ભાયચંદ ફુલચંદ
૨—૮ શા ગીગા વાલજી
૧—૨ સઘવી મોહનલાલ પ્રાગજી
૧—૪ શા ત્રીભોવનભાઈ રતનજી
૨—૮ શા હરીશંગ રામચંદ
૧—૪ વારીયા દીવાળી કીકા
૧—૦ શા જેઠાભાઈ નરશીદાસ
૧—૦ દોશી પ્રાગા હરી
૧—૦ શા હીરાચંદ દેવચંદ
૨—૮ શા હેમચંદ હરીચંદ
૦—૩ શ્રી દેવગોભારી મિત્રમંડળ
૧—૮ દોશી કાળીદાસ ભાણજી
૧—૮ શા ભાવાભાઈ છગનલાલ
૨—૮ મો૦ હરજી હીરજી
૧—૪ શા મોતીચંદ નાનજી
૨—૮ વોરા સવાઈચંદ ઇચ્છાચંદ
૩—૧૪ શા રૂપચંદ ડાયાભાઈ
૧—૦ દોશી અમરચંદ લખમીચંદ
૧—૮ શા ડાયાભાઈ લલુભાઈ
–—૬ વોરા લલુભાઈ બાલચંદ
૧—૪ શા ગલાભાઈ દેવચંદ
૧—૪ શા બાલાભાઈ હરખુખરામ
૧—૪ શા ડાયાભાઈ જમીયતરામ
૨—૮ શા હરીચંદ પ્રેમચંદ
૫—૦ શા જસરૂપ રતનજી
૨—૮ ભાઈ અનુભાઈ
૨—૮ ડાક્ટર સુંદરદાસ મોરારદાસ
૧—૪ પટવા ડાયા વાલજી
૨—૮ શેઠ ખેમચંદ પેલચંદ
૧—૧૨ કોઠારી ભગવાન વલભ
૨—૮ શા મણીલાલ અમીચંદ
૧—૪ શા દેવચંદ હરખુખરામ
૧—૪ શા બેચરદાસ વનમાળીદાસ
૧—૪ શા લલુભાઈ હરીચંદ
૨—૮ જવાહીરલાલ જૈની
૧—૪ શા સંતોકચંદ રીખવદાસ
૧—૪ નાણાવટી ચંદુ બેચર
૨—૮ વકીલ મોહનલાલ હેમચંદ
૧—૬ શા ગુલાબચંદ લખમીચંદ
૧—૪ શા ગુમાનચંદ વીઠલચંદ
૧—૪ સલોત ગીરધર માવજી
૧—૪ શા રાયચંદ દેવરાજ
૨—૮ શા રતનજી ગંગાધર
૧—૪ શા નથાલાલ લલુભાઈ
૨—૬ કોઠારી જીવરામ લલુભાઈ
૩—૧૪ શા વાડીલાલ રતનચંદ
૦—૪ શ્રી જૈન બાળ સમાજ હા. તલકચંદ રણછોડભાઈ
૧—૧૪ માસ્તર નીહાલચંદ મહુકમચંદ
૧—૪ દોશી મંછા પોપટ
૧—૪ શા માણેકચંદ રાજમલ
૧—૧૪ શા લખમીચંદ માણેકચંદ
૩—૧૪ શા મોતીચંદ ભાગચંદ
૨—૮ શા ડાયા ડુંગરશી
૧—૪ શાહ ઉત્તમચંદ મોતીદાસ
૨—૮ શા હંસરાજ લખા
૧—૧૪ શા મોહનલાલ મંગળદાસ
૧—૪ દોશી સાકરચંદ ખેતશી

—(*)—

"સભાસદ સાહેબોએ તમામ પ્રકારનો પત્રવ્યવહાર તથા મની-ઓર્ડર વિગેરે 'શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર' એવા શિરનામાથીજ કરવો."

તંત્રી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન ડાયરેક્ટરી તૈયાર કરવાની ઇચ્છા રાખનારાઓને જાહેર ખબર.

હિંદુસ્તાનના શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘની ડાયરેક્ટરી (નામવાર વસ્તીની ગણત્રી નહીં) ૧ વર્ષમાં તૈયાર કરવાની છે, તે સારૂ તેવું કામ માથે ઉપાડવાની ઇચ્છા રાખનારાઓએ આજની તારીખથી બે માસની અંદર નીચે સહી કરનારને પોતાનું સીલબંધ ટેન્ડર મોકલવું. જુદે જુદે સ્થળેથી ખબરો મેળવવાનું તૈયાર કરનારને માથે, સઘળી ખબરો આવેથી અમારી ઓફીસમાં પાસ થયા પછી તે છાપવાની રજા આપવામાં આવશે, અને તૈયાર થયેથી તેની ૧૦૦૦ નકલો અમને દામ લીધા વગર આપવી પડશે. સ્વીકારવામાં આવેલા ટેન્ડરની ½ રકમ તે ગૃહસ્થને ગેરંટી સાથે એડવાન્સ આપવામાં આવશે. અને દરેક પુસ્તકની કીમત રૂ.૨) થી વધારે રાખવી નહિં. વધુ ખુલાસા માટે નીચેને સરનામે પત્ર વ્યવહાર કરો.

સરાફબજાર મુંબાઇ }
તા. ૧-૫-૦૪ } જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ.

—:o:—

## જૈન વિદ્યાર્થીઓને જાહેર ખબર.

જે જૈન વિદ્યાર્થીઓને નાણાની તંગીને લીધે વિદ્યાભ્યાસ કરવામાં અડચણ આવતી હોય તેમને શ્રી જૈન કોન્ફરન્સના કેળવણી ખાતામાંથી ફી તથા ચોપડીઓ માટે ખરચની મદદ આપવામાં આવશે. તેવી મદદ મેળવવા ઇચ્છનારાએ નીચે જણાવેલી વિગત સાથે માગણી માટે નીચેના શીરનામે જણાવવું.

શેઠ લાલભાઇ દલપતભાઇ
જનરલ સેક્રેટરી અને કેળવણી ખાતાના સુપરવાઇઝર
શ્રી જૈન કોન્ફરન્સ—અમદાવાદ.

૧ વિદ્યાર્થીનું પુરૂં નામ.
૨ ઉમરનાં પૂરાં વર્ષ.
૩ કઇ શાળામાં ને કયા ધોરણનો અભ્યાસ કરે છે?
૪ વર્ગના કુલ નંબરો પૈકી માસીક નંબર કેટલામો છે?
૫ માગણીની રકમ ફી માટે અને પુસ્તકો માટે કેટલી જોઇએ છે?
૬ અભ્યાસ અને સારી ચાલ વિષે સ્કુલના હેડમાસ્તરનું સર્ટીફીકેટ.
૭ મદદ મેળવવા જેવી સ્થિતિ માટે બે આબરૂદાર ગૃહસ્થનું અથવા સ્કુલ માસ્તરનું સર્ટીફીકેટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન સ્ત્રી લેખકોને ઉત્તેજનાર્થે.

## "અ. સૌ. મકુંમ બાઇ સ્મરણ ઇનામમાળા."

એક ગૃહસ્થ ઉપરલે નામે નીચેની સરતે લેખ લખનાર જૈન કન્યા અ-ગર સ્ત્રીઓને ઇનામ આપવા ઇચ્છા જણાવે છે.

૧ લેખ લખનારે સ્વતંત્રપણે લેખ લખ્યો છે એવું ખાત્રીપત્ર પ્રતિષ્ઠિત ગૃહસ્થનું મોકલવું.

૨ મુકરર કરેલા વિષયનો લેખ જૈનધર્મ પ્રકાશના ચાર પૃષ્ઠ જેટલો હોવો જોઇએ, અને તે મુકરર કરેલી મુદતની અંદર આવી જવો જોઇએ.

૩ આવેલા લેખો પૈકી મુકરર કરેલ બે મેમ્બરો જે બે લેખને શ્રેષ્ઠ ગણશે તેમાંથી પહેલા નંબરને રૂ. ૫) ના અને બીજા નંબરને રૂ. ૩) ના જૈનધર્મ સંબંધી પુસ્તકો તેની ઇચ્છા અનુસરતા મોકલવામાં આવશે. અને તેમના નામ આ ચોપાનીઆ દ્વારા પ્રગટ કરવામાં આવશે.

આ પહેલી વખતને માટે "જૈન સ્ત્રીઓને કેવી કેળવણીની આવશ્યકતા છે?" એ વિષય મુકરર કરવામાં આવ્યો છે. મુદત આસો શુદિ ૧૫ ઠરાવવામાં આવી છે. ત્યાર અગાઉ લેખ મોકલવા.

વ્યવસ્થાપક
જૈનધર્મ પ્રકાશ.

—(૦)—

## જૈનોને જાહેર ખબર.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના રીપોર્ટની ૨૦૦૦ નકલો છપાય છે, તેનું કદ રોયલ ૮ પેજી ૫૦૦ પાનાનું થશે તેમાં જૈન વેપારીઓ અથવા જૈન ધર્મને લગતી જાહેર ખબરો નીચેના ભાવથી લેવામાં આવશે. એક પેજના રૂ.૬) અરધા પેજના રૂ.૩)

રીપોર્ટની નકલો પડતર કીંમતે વેચાતી મળશે. ગ્રાહકોએ જલ્દીથી નીચેને સરનામે નામો નોંધાવવાં. નકલો જુજ હોવાથી ખપી ગયા પછી દીલગીરી સાથે ના કહેવી પડશે માટે નામો નોંધાવવામાં ઢીલ કરવી નહીં.

જૈન કોન્ફરન્સ ઓફીસ.
સરાફબજાર-મુંબાઇ.

For Private And Personal Use Only